રાજકોર મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 253 | Dt. 24-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


ચિન્મય અમૃત મહોત્સવમાં વડાપ્રધાનનું મોટું નિવેદન

દરેક નીતિના કેન્દ્રમાં યુવાનો

નવી દિલ્હી, તા.૨૩

નવી દિલ્હીના પ્રતિષ્ઠિત ભારત મંડપમ ખાતે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'ચિન્મય અમૃત મહોત્સવ' વૈશ્વિક પરિષદનું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું. આ વિશેષ અને ગરિમામય પ્રસંગે વડાપ્રધાને દેશના યુવાનો, શિક્ષણ પ્રણાલી, આપણી સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિ અને સદીઓ જૂની આધ્યાત્મિક પરંપરાઓ વિશે ઊંડાણપૂર્વક પોતાના મહત્ત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. સંમેલનને સંબોધતા પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે વર્તમાન સરકારની દરેક યોજના, નીતિઓ અને વિકાસના પ્રયાસોના કેન્દ્રબિંદુમાં હંમેશા દેશના યુવાનો જ રહ્યા છે. આવનારો સમય યુવાનોનો છે અને તેમની ઊર્જા જ દેશના સ્વપ્નોને સાકાર કરશે.

વડાપ્રધાન મોદીએ દેશના સર્વાંગી વિકાસમાં યુવાશક્તિની ભૂમિકાને અત્યંત મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક ગણાવી હતી. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો આજના યુવાનોને યોગ્ય દિશામાં શિક્ષણ, ઉત્તમ સંસ્કાર અને આધુનિક ટેક્નોલોજીની સમાન તકો પૂરી પાડવામાં આવે, તો તેઓ ચોક્કસપણે દેશના અને વિશ્વના ભવિષ્યને એક નવી અને સકારાત્મક દિશા આપી શકે છે. ચિન્મય અમૃત મહોત્સવ જેવા વિશાળ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આયોજનમાં યુવાનોની સક્રિય અને ઉત્સાહપૂર્વક ભાગીદારી જોઈને વડાપ્રધાને ભારે પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને આ બાબતની વિશેષ પ્રશંસા પણ કરી હતી.



શિક્ષણ ક્ષેત્રમાં થઈ રહેલા આમૂલ પરિવર્તનો અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો વિશેષ ઉલ્લેખ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, નવી નીતિમાં પ્રાચીન ભારતીય જ્ઞાનપરંપરા, આપણી માતૃભાષા અને આજના આધુનિક વિજ્ઞાનના અદભુત સમન્વયને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેમના મતે, શિક્ષણ એ માત્ર કમાણી કરવાનું કે રોજગાર મેળવવાનું એક સાધન પૂરતું સીમિત ન રહેવું જોઈએ, પરંતુ તે ખરા અર્થમાં વ્યક્તિના ચારિત્ર્ય નિર્માણ અને તેના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર બનવું જોઈએ.

ચિન્મય મિશનની સ્થાપના પરમ પૂજ્ય સ્વામી ચિન્મયાનંદજી દ્વારા વર્ષ ૧૯૫૧માં કરવામાં આવી હતી. આ સંસ્થા છેલ્લા અનેક દાયકાઓથી દેશ અને દુનિયામાં આધ્યાત્મિક શિક્ષણ, નિઃસ્વાર્થ સામાજિક સેવા અને સનાતન ભારતીય સંસ્કૃતિના બહોળા પ્રચાર-પ્રસાર માટે સતત અને અવિરત કાર્યરત છે. સંસ્થાની સ્થાપનાનાં ગૌરવશાળી ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે દિલ્હીમાં આ ત્રણ દિવસીય વૈશ્વિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૩ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ ભવ્ય કાર્યક્રમમાં માત્ર ભારતથી જ નહીં, પરંતુ વિશ્વના વિવિધ દેશોમાંથી હજારોની સંખ્યામાં અનુયાયીઓ અને પ્રતિનિધિઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. વડાપ્રધાન મોદીએ ચિન્મય મિશન દ્વારા ચલાવવામાં આવતી વિવિધ શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ સાથે તેમણે આજના સમયની નવી પેઢીને પોતાના મૂળ અને ભારતીય મૂલ્યો સાથે મજબૂતાઈથી જોડાયેલા રહેવાનો પ્રેરણાદાયક સંદેશ આપ્યો હતો.

પોતાના સંબોધનના અંતિમ ચરણમાં વડાપ્રધાને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને જતન પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતની અદ્વિતીય જ્ઞાનપરંપરા એ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની સૌથી મોટી ઓળખનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આપણે આપણી આ મહાન પરંપરાઓને જાળવી રાખવાની છે અને સાથે જ આધુનિક યુગની બદલાતી જરૂરિયાતો અને વૈશ્વિક પડકારોને પણ ખુલ્લા મને સ્વીકારીને આગળ વધવું અત્યંત જરૂરી છે.

દિલ્હી દુનિયાનું બીજું સૌથી પ્રદૂષિત શહેર

લાહોર નંબર-૧, AQI ખતરનાક શ્રેણીમાં પ્રવેશ્યું

નવી દિલ્હી, તા.૨૩

પાકિસ્તાનનું લાહોર શહેર ૩૪૪ AQI સાથે વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું છે. સ્વિસ વેબસાઇટ IGAir મુજબ, લાહોરની હવામાં ઝેર ૨.૫ ઠીંચની ગાઇડલાઇન કરતાં ૫૭ ગણું વધુ છે. આ યાદીમાં ભારતની દિલ્હી બીજા, કોલકાતા ત્રીજા અને મુંબઈ છઠ્ઠા સ્થાને છે. ડોકટરોએ માસ્ક પહેરવાની સલાહ આપી છે.

વિશ્વભરમાં હવે પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી રહ્યું છે. આ દરમિયાન એક અહેવાલે દિલ્હીવાસીઓની ઊંઘ ઊડાડી દીધી છે. પ્રદૂષણ મામલે દિલ્હી હવે ટોપ-૩ દેશોમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. જ્યારે લાહોરે પ્રદૂષણમાં દિલ્હીને પાછળ છોડી દીધું છે અને તે દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર બની ગયું છે. પાકિસ્તાનનું લાહોર શહેર શુક્રવારે એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૩૪૪ પર પહોંચી જતાં વૈશ્વિક રેન્કિંગમાં મોખરે આવ્યું છે. સ્વિસ વેબસાઇટ IGAir ના આંકડા મુજબ લાહોરની હવામાં ઝેર ૨.૫ ની માત્રા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન



(WHO) ની ગાઇડલાઇન કરતાં ૫૭ ગણી વધુ નોંધાઈ છે, જે કેન્સરકારક અને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે.

આ લિસ્ટમાં ભારતની રાજધાની દિલ્હી બીજા ક્રમે છે. શુક્રવારે સવારે દિલ્હીનો AQI ૨૪૪ નોંધાયો હતો જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક શ્રેણીમાં આવે છે, જો કે બપોર સુધીમાં તે ઘટીને ૧૮૩ પર પહોંચ્યો હતો. આ ગંભીર સ્થિતિને જોતા ડોક્ટરોએ નાગરિકોને સ્વાસ્થ્ય સંરક્ષણ માટે માસ્ક પહેરવાની કડક સલાહ આપી છે. ટોપ ૩ માં ભારતના બે રાજ્યો હોવાથી એક રીતે ચિંતા વધી ગઇ છે.

પ્રદૂષિત શહેરોની આ યાદીમાં કોલકાતા ત્રીજા સ્થાને અને મુંબઈ છઠ્ઠા સ્થાને નોંધાયા છે. બપોરના આંકડાઓ પ્રમાણે કોલકાતાનો AQI ૧૭૩ જ્યારે મુંબઈનો અચઈ ૧૬૨ રહ્યો હતો. આ ઉપરાંત સેનેગલનું ડકાર ચોથા અને મલેશિયાનું કુઆલાલંપુર પાંચમા સ્થાન પર જોવા મળ્યા હતા, જ્યારે બાંગ્લાદેશની રાજધાની ઢાકા દસમા ક્રમે રહી હતી.

ગુજરાતની દરિયાઈ સુરક્ષા બનશે મજબૂત

૩ SP, ૯ DySPનું માળખું નક્કી : રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતની દરિયાઈ સીમાની સુરક્ષાને લઈને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાની માહિતી સામે આવી છે. દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફારની તૈયારી વચ્ચે મરીન ટાસ્ક ફોર્સનું નવું માળખું નક્કી કરવામાં આવ્યું છે. ખાસ કરીને અધિકારીઓની જવાબદારી અને પોલીસ સ્ટેશનોમાં માનવબળની ફાળવણી પર ભાર મૂકાયો છે.

ગુજરાતના વિશાળ દરિયાકિનારા અને દરિયાઈ સીમાની સુરક્ષાને વધુ મજબૂત બનાવવા રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. મરીન ટાસ્ક ફોર્સ માટે નવું વહીવટી માળખું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ૩ પોલીસ અધિક્ષક અને ૯ નાયબ પોલીસ અધિક્ષકની જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મરીન અનામત દળની ૭૨૫ જગ્યાઓ મરીન પોલીસ સ્ટેશનોમાં



ફાળવવાનું આયોજન છે.

ગુજરાતના દરિયાકિનારા પર સુરક્ષા વ્યવસ્થા વધુ અસરકારક બનાવવા મરીન ટાસ્ક ફોર્સને મજબૂત કરવાની દિશામાં નિર્ણય લેવાયો છે. દરિયાઈ વિસ્તારોમાં દેખરેખ, પેટ્રોલિંગ અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી માટે મરીન પોલીસની કામગીરી મહત્વપૂર્ણ છે. નવા માળખાથી વિવિધ સ્તરે અધિકારીઓની જવાબદારી વધુ સુવ્યવસ્થિત બનવાની અપેક્ષા છે.

મળતી માહિતી અનુસાર, મરીન ટાસ્ક ફોર્સ માટે ત્રણ જી અને નવ ડુજીની જગ્યાઓનું માળખું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉચ્ચ અધિકારીઓના માળખાથી દરિયાઈ પોલીસની દેખરેખ અને સંકલન મજબૂત બનાવવાનો હેતુ છે. જોકે, અધિકારીઓની પોસ્ટિંગ ક્યાં થશે તેની વિગત હજુ ઉપલબ્ધ નથી. ગૃહ વિભાગના નિર્ણય મુજબ, મરીન અનામત દળની ૭૨૫ જગ્યાઓ મરીન પોલીસ સ્ટેશનોમાં ફાળવવામાં આવશે. આ નિર્ણય દરિયાકાંઠાના પોલીસ મથકોમાં માનવબળની વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ છે. જોકે, આ જગ્યાઓનું ચોક્કસ સ્ટેશનવાર વિતરણ હજુ જાહેર થયું નથી.

ગુજરાતના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા અગાઉથી પેટ્રોલિંગ અને સુરક્ષા કામગીરી હાથ ધરવામાં આવે છે. મરીન કમાન્ડો દ્વારા ફૂટ તથા બોટ પેટ્રોલિંગ કરવામાં આવે છે. મરીન ટાસ્ક ફોર્સ માટે અધિકારીઓની જગ્યાઓ અને પોલીસ સ્ટેશનો માટે માનવબળનું માળખું નક્કી થવાથી સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનવાની અપેક્ષા છે. હવે મંજૂર જગ્યાઓ પર નિમણૂક, કર્મચારીઓની ફાળવણી અને નવા માળખાના અમલની પ્રક્રિયા મહત્વપૂર્ણ રહેશે.

વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતના હાથે લાગ્યો ખજાનો

કૃષ્ણા-ગોદાવારીમાં ગેસનો ભંડાર મળ્યો

નવી દિલ્હી, તા.૨૩

ઓઇલ ઇન્ડિયા લિમિટેડ(ઘઈક)ને કૃષ્ણા-ગોદાવરી બેસિનમાં કુદરતી ગેસનો ભંડાર મળ્યો છે. સમુદ્રના છીછરા પાણીમાં આવેલા KG-DSF/GSKW/૨૦૨૮ બ્લોકમાં, ગોદાવરી-૧ કૂવામાં ૨,૦૨૭ મીટરની ઊંડાઈએ આ શોધ થઈ છે. શરૂઆતમાં ૧ લાખ SCMD અને પછી ૨ લાખ SCMD ગેસ પ્રવાહ મળ્યો. આ નવી શોધથી દેશમાં ગેસનું ઉત્પાદન વધશે અને ગેસ આયાત પરની નિર્ભરતા ઘટશે.

વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતના હાથે લાગ્યો ખજાનો, કૃષ્ણા-ગોદાવારી બેસિનમાં કુદરતી ગેસનો મોટો ભંડાર મળ્યો. સરકારી કંપની ઓઇલ ઇન્ડિયા લિમિટેડ(OIL)ને કૃષ્ણા-ગોદાવારી બેસિનમાં કુદરતી ગેસ મળ્યો છે. આ શોધની વાત કરીએ તો આ શોધ સમુદ્રના છીછરા પાણીમાં સ્થિત એક બ્લોકમાં થઈ છે. તાજેતરમાં જ કંપનીએ આ બ્લોક ડિસ્કવર્ડ સ્મોલ ફીલ્ડ(DSF)ની બોલી પ્રક્રિયા દ્વારા



મેળવ્યો હતો. ખાસ વાત તો એ છે કે જેનાથી દેશમાં ગેસનું ઘરેલું ઉત્પાદન વધારવામાં મદદ મળી શકે છે. તેવામાં સવાલ એ છે કે આ શોધ ક્યાં કરવામાં આવી છે અને તપાસ દરમિયાન કેટલો ગેસ મળ્યો છે?

મોટી વાત તો એ છે કે આ એક એવી જગ્યા છે, જ્યાં પહેલા ક્યારેય તપાસ કરવામાં જ ન હતી આવી. પરંતુ જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે કુદરતી ગેસનો નવો ભંડાર જ મળી ગયો. કંપનીએ ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ કૂવામાં ૨,૦૨૭ મીટરની ઊંડાઈ પર ગેસનું નિરીક્ષણ શરૂ કર્યું હતું. આ દરમિયાન શરૂઆતમાં તો દરરોજ લગભગ ૧ લાખ SCMD ગેસનો પ્રવાહ મળ્યો.

મહત્ત્વની વાત એ છે કે જ્યારે સતત તપાસ કરવામાં આવી તો આ દરમિયાન ૧ લાખ જીઈખઉથી વધીને ૨ લાખ SCMD સુધી પહોંચી ગયો. કંપનીએ દરરોજ લગભગ ૧૭૦ બેરલ કન્ડેન્સેટ મળવાની માહિતી આપી છે. હવે સવાલ એ છે કે આખરે આથી ભારતને શું ફાયદો થઈ શકે છે?

મળતી માહિતી મુજબ, કંપનીએ કૃષ્ણા-ગોદાવારી બેસિનના મત્સ્યપુરી ફોર્મેશનમાં ગેસની શોધ કરી છે. આ શોધ KG-DSF/GSKW/૨૦૨૮ બ્લોકના ગોદાવારી-૧ કૂવામાં થઈ છે.જાણવા જેવી વાત એ જ છે કે આખરે આ શોધથી ભારતને શું ફાયદો થશે? હવે દેશમાં કુદરતી ગેસનો પુરવઠો વધી શકે છે, એવી આશા છે. કારણ કે ભારત પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો ગેસ બીજા દેશો પાસેથી ખરીદે છે. તેવામાં આ શોધથી ભારતની નિર્ભરતા બીજા દેશો પર ઓછી થઈ શકે છે.

જળવાયુ સંકટ માટે જવાબદાર કોણ? : પિયુષ ગોયલ

કાર્બન ઉત્સર્જન કરનારા દેશોએ પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ : બર્લિનમાં કેન્દ્રીય વાણિજ્ય મંત્રીએ યુરોપને ઘેર્યું



નવી દિલ્હી, તા.૨૩

જર્મનીના બર્લિનમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જળવાયુ પરિવર્તન મુદ્દે વિકસિત દેશોની નીતિઓ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ભારતની ૧૭ ટકા વસ્તી સામે ઓછા કાર્બન ઉત્સર્જનનો દાવો કરીને યુરોપની ઐતિહાસિક જવાબદારી યાદ અપાવી હતી. સાથે જ ૧૦૦ અબજ ડોલરની જળવાયુ સહાય, પેરિસ સમજૂતી અને સીબીએએમ નિયમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ગોયલે વિકાસશીલ દેશોને નાણાકીય અને ટેક્નોલોજીકલ સહાય આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

જર્મનીના બર્લિનમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જળવાયુ પરિવર્તન મુદ્દે વિકસિત દેશોના વલણ સામે આકરા સવાલ ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં તમામ દેશોની જવાબદારી સમાન ગણવી યોગ્ય નથી. ઔદ્યોગિક વિકાસ દરમિયાન મોટા પ્રમાણમાં કાર્બન ઉત્સર્જન કરનારા દેશોએ પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ. પીયૂષ ગોયલે ભારતની વસ્તી અને કાર્બન ઉત્સર્જનના આંકડાનો ઉલ્લેખ કરીને યુરોપની નીતિઓની ટીકા કરી હતી.

પીયૂષ ગોયલે જણાવ્યું કે વિશ્વની લગભગ ૧૭ ટકા વસ્તી ભારતમાં વસે છે, પરંતુ વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ભારતનું યોગદાન ત્રણ ટકાથી પણ ઓછું છે. તેમણે યુરોપના ઐતિહાસિક ઉત્સર્જનનો ઉલ્લેખ કરીને કહ્યું કે વિકસિત દેશોએ ઔદ્યોગિક વિકાસ દરમિયાન પર્યાવરણને મોટું નુકસાન પહોંચાડ્યું છે. તેમના મતે વર્તમાન જળવાયુ સંકટ માટે ભૂતકાળના ઉત્સર્જનને અવગણી શકાય નહીં.

પીયૂષ ગોયલે કહ્યું કે ભારતનું માથાદીઠ કાર્બન ઉત્સર્જન યુરોપની સરખામણીએ ઘણું ઓછું છે. તેમના જણાવ્યા પ્રમાણે યુરોપની જીવનશૈલી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પર્યાવરણ પર વધારે અસર કરે છે. તેમણે સવાલ કર્યો કે ઓઝોન સ્તરને નુકસાન કોણે પહોંચાડ્યું અને વાતાવરણમાં મોટા પ્રમાણમાં કાર્બન કોણે છોડ્યો? પીયૂષ ગોયલના મતે આ પ્રશ્નોના જવાબ શોધ્યા વિના જળવાયુ ન્યાયની ચર્ચા અધૂરી રહેશે.

ભારતની વિકાસલક્ષી જરૂરિયાતો સમજાવતા ગોયલે જણાવ્યું કે દેશે આશરે ૧૪૦ કરોડ લોકો માટે ઊર્જા, ખાદ્ય સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાની વ્યવસ્થા કરવાની છે. આ જવાબદારીઓ વચ્ચે ભારત સ્વચ્છ ઊર્જા કચરા વ્યવસ્થાપન અને સર્ક્યુલર ઇકોનોમી તરફ આગળ વધી રહ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પર્યાવરણ સંરક્ષણની સાથે વિકાસશીલ દેશોની મૂળભૂત જરૂરિયાતોનું પણ ધ્યાન રાખવું જરૂરી છે.

૧૦૦ અબજ ડોલરની જળવાયુ સહાય પર વિકસિત દેશોને ઘેર્યા

પીયૂષ ગોયલે પેરિસ જળવાયુ સમજૂતીનો ઉલ્લેખ કરીને વિકસિત દેશોની આર્થિક પ્રતિબદ્ધતાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે વિકાસશીલ દેશોને દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની જળવાયુ સહાય આપવાનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ તેના અમલ અંગે ગંભીર પ્રશ્નો છે. તેમણે દાવો કર્યો કે વચન મુજબ જરૂરી નાણાકીય સહાય મળી નથી.

લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરી પોતાના ગજવા ભરતાં લેભાગુઓ ઉપર ઓચીંતી તવાઇ

પોલીસનો ૧૭ 'ડૂપ્લા ડોક્ટર'ને 'કાયદાનો ડોઝ'

રાજકોટ રૂરલ એસપીની સુચનાથી એસઓજી-સ્થાનીક પોલીસ ત્રાટકી : શાપર-વેરાવળમાંથી બે, કોટડાસાંગાણીના રાજપરા ગામે એક, ખીરસરા જીઆઇડીસીમાં એક, પડધરીમાં એક, ગોંડલના ડૈયા ગામે એક, જેતપુર પંથકમાં પાંચ, સોળવદર ગામે એક, પાટણવાવના કલાણા તથા ભાડેર ગામે એક એક તેમજ જસદણના આંબરડી, કાળાસર અને લીલાપુર ગામે એક એક પકડાયા

રાજકોટ તા. ૨૩

ઠેકઠેકાણે અવાર-નવાર પોલીસ દરોડા પાડીને ડુપ્લા ડીગ્રી વગરના ડોક્ટરોને ઝડપીને કાયદના ઈન્જેક્શન આપતી રહે છે. આમ છતાં આવા લેભાગુઓ લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા નકલી ડોક્ટરો સુધરતા નથી. આ દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસે ઓચીંતી ડ્રાઇવ યોજી રાજકોટ જીલ્લામાંથી એક જ દિવસમાં સત્તર નકલી દાક્તરોને દબોચી લઇ તેને કાયદાનો ડોઝ દીધો હતો. રૂરલ એસઓજી અને સ્થાનીક પોલીસે અલગ અલગ સ્થળોએ દરોડા પાડી આ કામગીરી કરી હતી. જેના કારણે ડીગ્રી વગર ડોક્ટર ડોક્ટર રમવા દવાખાના ખોલીસને બેસી ગયેલા સત્તર લેભાગુ દબોચાઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો જિલ્લામાં પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ૧૭ જેટલા બોગસ તબીબ પકડાયા હતાં. જેમાં એસઓજીએ શાપરમાં દુકાન ભાડે રાખી એલોપેથીક ડોકટર ન હોવા છતાં દર્દીને એલોપેથીક તબીબ તરીકે પ્રેકટીશ કરતાં મુળુદાસ નરશીભાઇ નિમાવત (ઉ.૭૯ રહે. અક્ષરધામ સોસાયટી, વેરાવળ) ને પકડી દવાઓ સહિત રૂા. ૧૦ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં શાપરમાં પોતાની દુકાનમાં ડીગ્રી વગર કલીનીક ચલાવતાં અમર ગોકુલચંદ દાસ (ઉ.૫૨ રહે. મુકિતધામ સોસાયટી, શાપર) ને એસઓજીએ દવા સહિત રૂા. ૨૫ હજારનાં મુદામાલ સાથે પકડી લીધો હતો.

આ ઉપરાંત ત્રીજા દરોડામાં કોટડાસાંગાણીના રાજપરા ગામના બસ સ્ટેન્ડ પાસે ડીગ્રી ન હોવા છતાં કલીનીક ચલાવતાં ભાવેશ રમેશભાઇ કોઠીયા (ઉ.વ.૪૫ રહે. રાજપરા)ને કોટડા સાંગાણી પોલીસે રૂા. ૨ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો. જ્યારે ચોથા દરોડામાં એસઓજીએ જસદણના કાળાસર ગામે મકાનમાં ડીગ્રી ન હોવા છતાં કલીનીક ચલાવતા સંતોષ શંકરામ (ઉ.વ.૫૦ રહે. કાળાસર મુળ બિહાર) ને ૧૫ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો. પાંચમાં દરોડામાં જસદણ પોલીસે આંબરડી ગામે ડીગ્રી વગર કલીનીક ચલાવતાં ચંદુ વાલજીભાઇ સોલંકી (ઉ.૨૭ રહે. આંકડીયા ગામ, તા. વિંછીયા)ને રૂા. ૧૩૬૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

તેમજ છઠ્ઠા દરોડામાં જસદણ પોલીસે લીલાપુર ગામે ડીગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતાં અરવિંદ પ્રભુદાસભાઇ દેસાણી (ઉ.૫૫ રહે. લીલાપુર) ને



રૂા. ૧૨૦૮ ના મુદામલ સાથે પકડી લીધો હતો. સાતમાં દરોડામાં મેટોડા જીઆઇડીસી પોલીસે ખીરસરા જીઆઇડીસી ગેઇટ નં. ૩ ની અંદર પિત્રુ આશિષ આર્કેડમાં ડીગ્રી વગર ભાડાની દુકાનમાં કલીનીક ચલાવતાં પ્રીયાંશુ અશ્વિનભાઇ મેંદપરા (ઉ.૨૪ રહે. રાજલક્ષ્મી સોસાયટી, મોરબી રોડ) ને ૧૭૬૩ ના મુદામલ સાથે પકડી લીધો હતો.

આ ઉપરાંત આઠમા દરોડામાં પડધરી પોલીસે ગીતાનગરમાં બાપા સીતારામ ચોક પાસે ડીગ્રી વગર પ્રેકટીસ કરતા હરીપ્રસાદ નાનાલાલ જાની (ઉ.૪૬ રહે. ગીતાનગર) ને રૂા. ૫૯૫૭ ના મુદામાલ સાથે પકડી લીધો હતો. નવમાં દરોડામાં ગોંડલ તાલુકા પોલીસે ડૈયા ગામે ડીગ્રી વગર પ્રેકટીસ કરતા ઇર્શાદ ફિરોઝભાઇ નકાણી (ઉ.૨૬ રહે. ડૈયા ગામ, તા. ગોંડલ) ને ૮૮૭૫ ના મુદ્દામલ સાથે પકડી લીધો હતાં. દસમાં દરોડામાં એસઓજીએ વાવડી ગામ મેઇન બજારમાં ભાડાના મકાનમાં ડીગ્રી વગર કલીનીક ચલાવતાં જનક નટુભાઇ વણપરીયા (ઉ.૪૨ રહે. અમરનગર રોડ, જેતપુર) ને ૧૦૯૧૩ ના મુદામાલ સાથે પકડી લીધો હતાં.

તેમજ અગીયારમાં દરોડામાં જેતપુર તાલુકા પોલીસે ચાંપરાજપુર ગામમે ડીગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતા રફિક હુસેનભાઇ ગરાણા (ઉ.૩૬ રહે. હુસેની ચોક, બોખલા દરવાજા, જેતપુર) ને રૂા. ૪૪૮૮ ના મુદામાલ સાથે પકડી લીધો હતો. બારમાં દરોડામાં જેતપુર સીટી પોલીસે કણકીયા પ્લોટમાં ડીગ્રી વગર કલીનીક ચલાવતાં મનીષ ઉર્ફે નથની જગદીશભાઇ પાસવાન (ઉ.૪૨ રહે. પાંચપીપળા રોડ, જેતપુર) ને ૧૩ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો.

તેમજ તેરમાં દરોડામાં જેતપુર સીટી પોલીસે અમરનગર રોડ પર નવરંગ બંગલોની સો દુકાનમાં ડીગ્રી વગર કલીનીક ચલાવતા ધ્રુવ નરેન્દ્રભાઇ ઠાકોર (ઉ.૪૫ રહે. વેકરીયાનગર, જેતપુર)ને ૪૪ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો. ચૌદમાં દરોડામાં જેતપુર ઉદ્યોગનગર પોલીસે ધોરાજી રોડ પર જલારામનગર૩ માં ડીગ્રી વગર મેડીકલ પ્રેકટીસ કરતાં હાજીબસીર હાજી હબીબભાઇ નેવીવાલ (ઉ.૨૬ રહે. ખોડપરા, જેતપુર) ને ૭૯૩૫ ના મુદામાલ સાથે પકડી લીધો હતો. પંદરમા દરોડામાં જામકંડોરણા પોલીસે સોડવદર ગામે ડીગ્રી વગર મકાનમાં કલીનીક ચલાવતા હીરેન ચંદુભાઇ રામાણી (રહે. મોજીરા, તા. ઉપલેટા) ને ૩૦ હજારના મુદામાલ સાથે પકડી લીધો હતો.

જયારે સોળમા દરોડામાં એસઓજીએ ધોરાજીના કલાણા ગામે ડીગ્રી વગર કલીનીક ચલાવતાં અલ્પેશ મનસુખભાઇ સોલંકી (ઉ.૪૪ રહે. કલાણા ગામ, તા. ધોરાજી) ને રૂા. ૭૮,૩૭૨ ના મુદામાલ સાથે પકડી લીધો હતો અને સત્તરમા દરોડામાં પાટણવાવ પોલીસે ભાડેર ગામે દુકાનમાં ડીગ્રી વગર કલીનીક ચલાવતાં સાવન હરસુખભાઇ દોમડીયા (ઉ.૩૦ રહે. વડાલ, તા. જુનાગઢ)ને રૂા. ૪૪ હજારના મુદામાલ સાથે ઝડપી લીધા હતાં.

બોગસ તબીબોમાં કોણ કેટલું ભણેલા?

પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે જે નકલી ૧૭ ડોક્ટર પકડાયા તે પૈકી ૩ શખ્સો ૧૦ પાસ હોવાનું, ૩ શખ્સો ગ્રેજ્યુએટ હોવાનું, ૮ શખ્સો ૧૨ પાસ હોવાનું અને ૩ શખ્સો ૧૧ પાસ હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહિ પરંતુ પકડાયેલા ૧૭ પૈકી એક શખ્સ ૨૫ વર્ષથી, એક શખ્સ ૨૦ વર્ષથી અને બાકીના ૧૫ શખ્સો એક થી લઇ સાત વર્ષથી કિલનિક ચલાવતા હોવાનું સામે આવ્યું છે. અને હજુ પણ આ ડ્રાઇવ ચાલુ રાખી બાકીના બોગસ ડોક્ટરને ઝડપી પાડવા તપાસ ચાલુ રાખવામાં આવી છે જેથી રાજકોટ જિલ્લામાં મુન્નાભાઈ પ્ઘ્લ્ની સંખ્યા વધે તેવી શક્યતા પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે અરવિંદ અને જનક દસ દસ ચોપડી જ ભણેલા હતાં. આ તમામ અગાઉ કોઇ મેડીકલ સ્ટોર કે કલીનીકમાં કામ કરી ચુક્યા હતાં. તેના અનુભવને આધારે પોતે જ ગ્રામ્ય વિસ્તારમાં દવાખાના રૂપે હાટડા માંડીને બેસી ગયાનું તપાસમાં ખુલ્યું હતું.

દિવાળીને હજુ ઘણીવાર છે પણ આણે અત્યારથી ફટાકડા ફોડી હોળી સર્જી

તારુ તો મર્ડર કરી નાંખીશ પોલીસની હાજરીમાં ધમકી!

રૈયામાં યુવાને પાડોશી શખ્સની માથાકુટને લીધે પોલીસ બોલાવી તો વધુ ઉશ્કેરાઇ ગયોઃ બે ભાઇઓની ધોલધપાટ લાદી-ઇંટના ઘા કર્યાઃ યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૩

દિવાળીના તહેવાર વખતે ફટાકડા ફોડવા મામલે માથાકુટના અનેક બનાવો બનતા હોય છે. પરંતુ દિવાળીને હજુ ઘણીવાર છે એ પહેલા જ રૈયા વિસ્તારમાં એક શખ્સ ઘર પાસે ફટાકડા ફોડતો ફોડતો પાડોશીને ગાળો દેતો હોઇ પાડોશીએ પોલીસ બોલાવતાં આ શખ્સ વધુ તપી ગયો હતો અને પોલીસની હાજરીમાં પણ પાડોશી બે ભાઇઓ સાથે મારા મારી કરી ઇંટ-લાદીના ટુકડાના ઘા કરી ઇજા પહોંચાડી હતી. તેમજ જો પોલીસ ફરિયાદ કરે તો મર્ડર કરી નાંખવાની ધમકી આપી હતી. પોલીસની હાજરીમાં જ તેણે આ ખેલ કર્યો હતો.

વિગતો જોઇએ તો રૈયા વણકરવાસમાં એક યુવાનના ઘર પાસે ફટાકડા ફોડતો ફોડતો પાડોશી શખ્સ ગાળો દેતો હોઇ યુવાને પોલીસ બોલાવતાં પોલીસની હાજરીમાં પણ તેણે ધમાલ મચાવી ઇંટ, લાદીના ટુકડાના ઘા કરી ઇજા પહોંચાડી હતી અને જો પોલીસ ફરિયાદ કરીશ તો તારુ મર્ડર કરી નાંખીશ તેવી ધમકી આપી દીધી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયા ગામ જુના વણકરવાસમાં રામાપીરના મંદિર પાસે રહેતાં ઓગણત્રીસ વર્ષના હસમુખભાઇ ગોવિંદભાઇ મેરીયા નામના યુવાનની ફરિયાદ પરથી રૈયાના ભાવેશ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

માહિતી અનુસાર હસમુખભાઇ પરિવાર સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ગુરૂવારે રાતે અગીયારેક વાગ્યે અમે પરિવારના સભ્યો ઘરે હતાં ત્યારે પાડોશી ભાવેશ રાઠોડ શેરીમાં અમારા ફળીયા પાસે ફટાકડા ફોડતો ફોડતો અમને સંબોધીને જેમફાવે તેમ ગાળો બોલતા હતો. જેથી મેં ૧૧૨માં ફોન કરતાં પોલીસ આવી ગઇ હતી. જેથી હું અને મારો નાનો ભાઇ ભાવેશ મેરિયા બંને બહાર નીકળી પોલીસ વેન પાસે ગયા હતાં. આ વખતે ભાવેશ રાઠોડે એકદમ ઉશ્કેરાઇ જઇ મારા ભાઇ ભાવેશને ગાળો દઇ ઝપાઝપી કરી લાફા, ઢકીપાટુ મારી લીધા હતાં. મેં મારા ભાઇને વધુ મારથી બચાવતાં ભાવેશે ત્યાં પડેલો લાકડાનો ધોકો ઉપાડી મારા ભાઇને ખભા પર મારી દીધો હતો.

તેમજ દેકારો કરી કહ્યું હતું કે-પોલીસમાં ફરિયાદ કરીશ તો હું તારું મર્ડર કરી નાંખીશ. આ પછી હું અને મારો ભાઇ મારથી બચવા ઘરમાં જતાં રહેતાં ઇંટોના અને લાદીના કટકાના છુટા ઘા કર્યા હતાં. જેમાં એક ઇંટ મનેડાબા ખભે લાગીગઇહતી. તેમજ લાદીનો કટકો પગની પીંડીએ લાગી ગયો હતો. આ પછી હું અને મારો ભાઇ પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા પહોંચ્યા હતાં. તેમ વધુમાં હસમુખભાઇએ જણાવતાં એએસઆઇ જે. એચ. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

CA ઈન્ટરમાં સારથી એકેડેમીનો ઓલઇન્ડિયા રેન્ક

ઉત્સવ સુખડિયાએ રેન્ક ૪૩ મેળવી રાજકોટ કેન્દ્રમાં પ્રથમ અને રાહુલ જીયાણીએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું

રાજકોટ, તા.૨૩

રાજકોટની સારથી એકેડેમીના વિદ્યાર્થીઓએ સીએ ઇન્ટરમીડિયેટની પરીક્ષામાં અડગ મનોબળ અને અવિરત મહેનત થકી રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભા બતાવીને શહેરનું નામ રોશન કર્યું છે. એકેડેમીના તેજસ્વી વિદ્યાર્થી ઉત્સવ સુખડિયાએ ૬૦૦માંથી ૪૪૧ ગુણ મેળવીને ઓલ ઇન્ડિયા રેન્ક ૪૩ પ્રાપ્ત કર્યો છે અને રાજકોટ કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવીને સફળતાનો નવો અધ્યાય રચ્યો છે. આ ઉપરાંત અન્ય વિદ્યાર્થી રાહુલ જીયાણીએ ૬૦૦માંથી ૪૨૬ ગુણ મેળવીને રાજકોટ કેન્દ્રમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પરિણામો દર્શાવે છે કે યોગ્ય દિશામાં કરેલી મહેનત રાષ્ટ્રીય કક્ષાએ પણ આગવી ઓળખ



અપાવી શકે છે.

આઇસીએઆઇ દ્વારા લેવાયેલી આ પરીક્ષાના આંકડાઓ જોઈએ તો સમગ્ર ભારતમાં ૩૮૩૩૮ વિદ્યાર્થીઓમાંથી ૫૦૬૬ ઉત્તીર્ણ થતા રાષ્ટ્રીય પરિણામ ૧૩.૨૧ ટકા આવ્યું છે. જ્યારે રાજકોટ કેન્દ્રમાં ૪૨૪માંથી ૮૫ વિદ્યાર્થીઓ પાસ થતા ૨૦ ટકા પરિણામ નોંધાયું છે. તેની સામે સારથી એકેડેમીના ૫૨ વિદ્યાર્થીઓમાંથી ૩૨ વિદ્યાર્થીઓ સફળ થતાં સંસ્થાનું પરિણામ ૬૧.૫૪ ટકા જેટલું ઊંચું રહ્યું છે. આ નોંધપાત્ર તફાવત માત્ર આંકડાકીય સફળતા નથી પરંતુ વિદ્યાર્થીઓની પાયાની સમજ અને નિયમિત મૂલ્યાંકન તેમજ વ્યક્તિગત માર્ગદર્શન પર અપાયેલા ભારનું ઉત્તમ પ્રતિબિંબ છે.

સારથી એકેડેમીના સંચાલકો સીએ જીગ્નેશ રાઠોડ અને સીએ અલ્પેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે તેમનો ઉદ્દેશ માત્ર પરીક્ષામાં ઉત્તીર્ણ કરાવવાનો નથી પરંતુ વિદ્યાર્થીઓને વિષયનું સાચું જ્ઞાન અને આત્મવિશ્વાસ આપવાનો છે. આ ગૌરવપ્રદ સફળતાનો સાચો શ્રેય વિદ્યાર્થીઓની કઠોર મહેનત અને વાલીઓના વિશ્વાસ તેમજ સમગ્ર શિક્ષક ટીમની નિષ્ઠાને જાય છે. સંસ્થામાં ૧૦ થી ૨૫ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષણવિદો દ્વારા કન્સેપ્ટ ક્લેરિટી અને સુનિયોજિત અભ્યાસ તેમજ વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. આ ઝળહળતા પરિણામ પાછળ જીગ્નેશ રાઠોડ, અલ્પેશ ત્રિવેદી, સીએ મિલન કક્કડ, ડો સમીર માણેક અને સીએ પ્રિયા પોપટ સહિત પ્રોફેસર કારિયા અને પ્રોફેસર પિયુષ શાહ તેમજ પ્રોફેસર ઉર્વશી દોશી અને પ્રોફેસર પઠાણના સમર્પિત પ્રયાસો રહેલા છે.


પીસીબી પોલીસે ૫૦ હજારની પિસ્ટલ ૧૬૦૦ના ૧૬ જીવતા કારતુસ કર્યા કબજે

પિસ્ટલ, ૧૬ કારતૂસ સાથે વિજય બોરીચા ઝડપાયો

રાજકોટ, તા.૨૩

પીસીબીની ટીમે બાતમીના આધારે માધાપર જીઆઈડીસી વિસ્તારમાંથી વિજય વલકુ બોરીચા નામના શખ્સને ૫૦ હજારની દેશી બનાવટની પિસ્ટલ અને ૧૬૦૦ના ૧૬ જીવતા કારતુસ સાથે દબોચી લીધો છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા રાજકોટ શહેર વિસ્તારના લોકોની જાનમાલનું રક્ષણ થાય અને ગુનાખોરી પર અંકુશ રહે તે હેતુથી અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે.



સૂચના અન્વયે પીસીબી પીઆઈ એમ આર ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીસીબીનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા અને વાલજીભાઈ જાડાને સંયુક્ત બાતમી મળી હતી કે, જામનગર રોડ પર, એચપીના પેટ્રોલ પંપ વાળી શેરીમાં, માધાપર જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા ઘોડા અને ગાયોના તબેલામાં હથિયાર સાથે એક શખ્સ મહાલી રહ્યો છે. બાતમીના આધારે પીસીબીના પીઆઈ એમ. આર.ગોંડલિયા, પીએસઆઈ પી બી ત્રાજીયા અને આર.કે.જાડેજા, એએસઆઇ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પ્રદીપસિંહ સરવૈયા,કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે, હરપાલસિંહ જાડેજા અને ડ્રાઇવર હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ ગઢવીની ટીમે બાતમી વાળી જગ્યાએ દરોડો પાડ્યો હતો.

અહીંથી પોલીસે શંકાસ્પદ શખ્સની પૂછપરછ કરતા તેમણે પોતાનું નામ જામનગર રોડ પર પરાસર પાર્ક-૨ માં રહેતો વિજય વલકુ બોરીચા હોવાનું પોલીસને જણાવ્યું હતું. આકરી પૂછપરછ અને તપાસ દરમિયાન પોલીસને વિજય પાસેથી ૫૦૦૦૦ની એક દેશી બનાવટની પિસ્તોલ અને ૧૬૦૦ના ૧૬ નંગ જીવતા કારતૂસ મળી આવતા તે કબજે કરાયા હતા.

પકડાયેલા વિજય વલકુનો ગુનાહિત ઇતિહાસ તપાસતા તેની સામે અગાઉ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૯માં જીપી એક્ટની કલમ ૧૪૨ મુજબ અને વર્ષ ૨૦૧૬ માં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬-બી અને ૬૫-ઇ મુજબના ગુના નોંધાઈ ચૂક્યા છે. ગેરકાયદેસર હથિયાર રાખવાનો આશય શું ? કેટલા સમયથી હતું ? અને કોની પાસેથી લીધું હતું ? વિગેરે માહિતી ઓકાવવા પોલીસે તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

લોહાનગરમાં કિશોરીનો ગળેફાંસો ખાઈ આપઘાત

કારખાનામાં મજૂરી કામે જતી પૂર્વીએ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરતા અરેરાટી

રાજકોટ, તા.૨૩

રાજકોટના ગોંડલ રોડ પર લોહાનગરમાં ટેલિફોન એક્સચેન્જ પાસે રહેતા અજયભાઈ મકવાણાની ૧૩ વર્ષની પુત્રી પૂર્વીએ આજે બપોરના અઢી વાગ્યાની આસપાસ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. બેભાન હાલતમાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના ડો. પરિતા મીનીપરાએ તપાસ્યા બાદ પૂર્વીને મૃત જાહેર કરી હતી.

હોસ્પિટલ ચોકીના હેડ કોન્સ્ટેબલ કે.જે.પરમારે જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકના જમાદાર કાનજીભાઈ જોળિયા તાત્કાલિક હોસ્પિટલ દોડી ગયા હતા અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. તપાસનીસ હેડ કોન્સ્ટેબલ કાનજીભાઈ જોળિયાના જણાવ્યા મુજબ મૃતક કિશોરીના પિતા ભંગારની ફેરી કરવાની સાથે બેન્જો વગાડવાનું કામ કરે છે. અજયભાઈના ૫ સંતાનોમાં ચાર દીકરી અને એક પુત્ર છે જેમાં પૂર્વી સૌથી મોટી હતી. પ્રાથમિક તપાસમાં એવી પણ વિગતો મળી છે કે પૂર્વી કોઈ કારખાનામાં મજૂરી કરવા જતી હતી જોકે તેણે કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે વાલીઓ અજાણ હોવાનું બહાર આવ્યું છે. ભણવાની ઉંમરે કિશોરીને મજૂરી કરવા મોકલવાની વાત શંકા ઉપજાવે તેવી હોવાથી પોલીસે આપઘાતના સાચા કારણ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

દારૂના ૯ ગુનાઓમાં સંડોવાયેલા જેસીંગ ઉર્ફે જયસુખ મકવાણાને પાસા હેઠળ વડોદરા જેલહવાલે કરતી PCB

લીલી સાજડીયાળીનો બુટલેગર જેસિંગ પાસામાં

રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેરમાં ઈંગ્લીશ દારૂના અનેક ગુનાઓમાં પકડાયેલા લીલી સાજડીયાળીના જેસીંગ ઉર્ફે જયસુખ કેશુભાઈ મકવાણાની ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે તેમની સામે પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલિયા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરીને મોકલવામાં આવી હતી. દરખાસ્તના આધારે પોલીસ કમિશનર દ્વારા જેસિંગની પાસા અધિનિયમ હેઠળ અટકાયત કરવાનો હુકમ કરાયો હતો.

જેસીંગ ઉર્ફે જયસુખ મકવાણાનો ગુનાહિત ઇતિહાસ તપાસતા તેની સામે અગાઉ ડીસીબી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના પાંચ ગુનાઓ તેમજ ભક્તિનગર પોલીસ



સ્ટેશનમાં પ્રોહિબિશનનો એક ગુનો અને આજીડેમ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના બે તેમજ મારામારીનો એક મળીને ૯ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. દરમિયાન પાસા વોરંટની બજવણી માટે પીસીબીના પીઆઈ એમ.આર.ગોંડલિયા સહિતની ટીમે જેસિંગની ધરપકડ કરીને તેને વડોદરા જેલ ખાતે મોકલી આપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

રૂદ્રશક્તિ ક્ષત્રિય મહિલા સેવાકીય સંસ્થાન દ્વારા સોમવારે શરદોત્સવ

શરદપૂર્ણિમાના પાવન અવસરે ક્ષત્રિય ગિરાસદાર મહિલાઓ માટે નિઃશુલ્ક રાસ ગરબા અને માતાજીની આરાધનાનો કાર્યક્રમ યોજાશે

રાજકોટ, તા.૨૩

રાજકોટમાં રૂદ્રશક્તિ ક્ષત્રિય મહિલા સેવાકીય સંસ્થાન દ્વારા આસો મહિનાના પાવન પર્વ નિમિત્તે ક્ષત્રિય ગિરાસદાર મહિલા શરદોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શરદપૂર્ણિમાની રઢિયાળી રાતે ક્ષત્રિય ગિરાસદાર મહિલાઓ માટે નિઃશુલ્ક રાસ ગરબા રમવા માટે આ કાર્યક્રમ આગામી તારીખ ૨૬-૧૦-૨૦૨૬ ને સોમવારના રોજ બાલ ભવન ગ્રાઉન્ડ રેસ કોર્સ ખાતે યોજાશે. આ કાર્યક્રમનો સમય રાત્રે ૬ થી ૧૦ કલાક સુધીનો રહેશે અને માતાજીની મહાઆરતી રાત્રે ૮ કલાકે કરવામાં આવશે. ક્ષત્રિય સમાજની મહિલાઓ આ ઉત્સવમાં સહભાગી બની શકે તે માટે રૂદ્રશક્તિ ક્ષત્રિય મહિલા ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

શરદોત્સવનું ઉદઘાટન ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના વરદ હસ્તે કરવામાં આવશે. કાર્યક્રમમાં રામાયણના પ્રખર વક્તા રોહિણીબા જાડેજા પ્રેરણાદાયી ઉપસ્થિતિ નોંધાવશે. આ ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે વાંકાનેર સ્ટેટના સાંસદ મહારાજા કેસરીદેવસિંહ ઝાલા તથા મુખ્ય સહયોગી તરીકે જે.એમ.ગ્રુપ હેડલાઈનના વિધિબા મયુરધ્વજસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહેવાના છે. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રોફેસર ડો રેખાબા રાણા તેમજ ડો ભાર્ગવીબા ગોહિલ અને ડો અનુષ્કાબા જાડેજા સહિત મોટીવેશનલ સ્પીકર કિન્નરીબા જાડેજા અને જગદેવસિંહ જાડેજા દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત સંસ્થાના સહયોગીઓ અને કાર્યક્રમ સહયોગીઓ તેમજ કાર્યકર્તા કમિટી અને રૂદ્રશક્તિ મહિલા કમિટીના અનેક ક્ષત્રિય મહિલા અગ્રણીઓ આ ભવ્ય આયોજનમાં પોતાનો સક્રિય સાથ સહકાર આપી રહ્યા છે.



આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ માયાબા જાડેજા તેમજ ડો ભાર્ગવીબા ગોહિલ અને રમણીકબા વાળા તથા ડો અનુષ્કાબા જાડેજા અને સુલેખાબા જાડેજા ઉપરાંત નયનાબા જાડેજા અને ભાવનાબા વાઘેલા તથા ધર્મિષ્ઠાબા જાડેજા અને ચંદ્રાબા પરમાર વગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે રૂદ્રશક્તિ મહિલા સેવાકીય સંસ્થા દ્વારા રાજકોટમાં છેલ્લા ૨૫ વર્ષથી અવિરત સેવા આપવામાં આવી રહી છે. આ સંસ્થા દ્વારા સંસ્કાર શિબિર અને સમાજના રીત રિવાજોનું જ્ઞાન તેમજ ગૃહઉદ્યોગ અને તહેવાર અનુરૂપ સેવાઓ સહિત ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ તમામ કાર્યો અને સંપૂર્ણ આયોજન માત્ર મહિલાઓ દ્વારા જ થતું હોય છે જે સંસ્થાની એક આગવી વિશેષતા છે.

સુરજેવાલાના '૪૮ કલાક'ના દાવા સામે મેયર નેહલ શુક્લનો સણસણતો જવાબ

પાણી પર ગરમાયું રાજકોટનું રાજકારણ

વિપક્ષના 'પાણીકાપ'ના ડર સામે મેયરે રાજકોટવાસીઓને આપી મોટી રાહત કહ્યું અફવાઓથી ન ગભરાઓ, સરકાર અને તંત્ર પ્રજાની સાથે જ

રાજકોટ, તા. ૨૩

રાજકોટ શહેરમાં પીવાના પાણીની સ્થિતિને લઈને અચાનક રાજકીય ગરમાવો આવી ગયો છે. ગઈકાલે કોંગ્રેસના ગુજરાત પ્રભારી રણદીપ સુરજેવાલા દ્વારા રાજકોટમાં પીવાના પાણીની ભયાનક અછત સર્જાવાની ભીતિ વ્યક્ત કરતા દાવો કરવામાં આવ્યો હતો કે, આગામી માત્ર ૪૮ કલાકમાં જ શહેરમાં પાણીની ભારે તંગી અને પાણીકાપની સ્થિતિ ઊભી થશે. સુરજેવાલાના આ નિવેદન બાદ સમગ્ર શહેરમાં નાગરિકો વચ્ચે ચિંતા અને અસમંજસનો માહોલ ઊભો થયો હતો.

જોકે, વિપક્ષના આ આક્ષેપો અને દાવા સામે રાજકોટના મેયર નેહલ શુક્લએ મોરચો સંભાળીને વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે અને કડક શબ્દોમાં વળતો પ્રહાર કર્યો છે. મેયર નેહલ શુક્લએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વિપક્ષ દ્વારા કરવામાં આવી રહેલા તમામ દાવા તથ્યવિહીન, પાયાવિહોણા અને માત્ર રાજકીય રોટલા શેકવા માટે જનતામાં ભય ફેલાવવાનો એક નિષ્ફળ પ્રયાસ છે.

રણદીપ સુરજેવાલાના નિવેદનનો સણસણતો જવાબ આપતા મેયર નેહલ શુક્લએ કટાક્ષભર્યા લહેકામાં જણાવ્યું હતું કે, સૂરજેવાલાજી ૪૮ કલાકના બદલે ૪૮૦ કલાક રાજકોટમાં આવીને રોકાય જાય તોપણ રાજકોટ શહેરમાં એક પણ દિવસ કે એક પણ ટીપું પાણી કાપવામાં નહીં આવે! તેમણે



રાજકોટની પ્રજાને આશ્વાસન આપતા ઉમેર્યું કે, શહેરના નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની કે અફવાઓમાં આવવાની જરૂર નથી.

મેયરે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટના દરેક નાગરિક સુધી પૂરતું અને નિયમિત પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકાર અને રાજકોટ મહાનગરપાલિકા સંપૂર્ણપણે જાગૃત અને કટિબદ્ધ છે. શહેરના જળાશયોમાં પાણીની ઉપલબ્ધતા અને આયોજન અંગે તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં પણ જ્યારે પણ પાણીની જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે સરકારે સમયસર યોગ્ય વ્યવસ્થા કરી છે અને ભવિષ્યમાં પણ રાજકોટવાસીઓને પીવાના પાણીની કોઈ જ તકલીફ પડવા દેવામાં નહીં આવે.

વિપક્ષ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસ પાસે હવે કોઈ મુદ્દા બચ્યા નથી, તેથી જનતાને ગેરમાર્ગે દોરવા માટે આવી પાયાવિહોણી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. રાજકોટની જનતા સમજદાર છે અને તે જાણે છે કે કઈ સરકાર તેમની ચિંતા કરે છે. આમ, મેયરના આ મક્કમ અને સ્પષ્ટ નિવેદન બાદ રાજકોટવાસીઓએ મોટી રાહત અનુભવી છે અને વિપક્ષ દ્વારા ઊભો કરવામાં આવેલો પાણીકાપનો ભય સંપૂર્ણપણે શમી ગયો છે. શાસક પક્ષે દાવો કર્યો છે કે શહેરમાં પાણીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં અને રાબેતા મુજબ જ જળવાઈ રહેશે.

શુદ્ધ ઘી-પનીરના નામે ભેળસેળનો ખેલ ખુલ્લો

૪ નામાંકિત પેઢીના સેમ્પલ ફેલ, ૪૭ જગ્યાએ દરોડા : શુદ્ધ ગાયના ઘીમાં વનસ્પતિ ફેટ અને પનીરમાં ચરબીનું પ્રમાણ ઓછું નીકળ્યું





રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોમાં થતી જીવલેણ ભેળસેળ અને ગંદકી સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા ખાદ્યચીજોના નમૂનાઓ પૈકી કુલ ૪ વેપારી પેઢીઓના સેમ્પલ લેબોરેટરી પૃથ્થકરણ બાદ સબસ્ટાન્ડર્ડ એટલે કે ફેલ જાહેર થતાં વેપારી આલમમાં ભારે સળવળાટ મચી ગયો છે.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, લાતી પ્લોટ શેરી નંબર ૪ માં આવેલી ફોર્ચ્યુન મિલ્ક એન્ડ ફૂડ પ્રોડક્ટ્સમાંથી લેવાયેલ લૂઝ પનીરના સેમ્પલમાં ફેટની રિચર્ટ વેલ્યૂ ધારાધોરણ કરતાં ઓછી મળી આવી હતી. જ્યારે દાણાપીઠ પરાબજાર કોર્નર સ્થિત પેશુમલ ચેલારામ એન્ડ કંપનીમાંથી લેવાયેલ 'વાસ્તુ એગમાર્ક કાઉ મિલ્ક ઘી' અને મવડી મેઈન રોડ પર આવેલ જલારામ ઘી ડેપોમાંથી લેવાયેલ 'શ્રીકાંત કાઉ પ્રીમિયમ ઘી' ના નમૂનામાં શુદ્ધ ઘીના નામે વનસ્પતિ ફેટ એટલે કે ફોરેન ફેટની હાજરી મળી આવી હતી. આ ઉપરાંત માધાપર ઈશ્વરીયા રોડ પર આવેલી આર.બી. ફૂડ પ્રોડક્ટમાંથી લેવાયેલા લૂઝ ટોમેટો સોસના સેમ્પલમાં આરોગ્ય માટે હાનિકારક એવો સિન્થેટીક ફૂડ કલર (કાર્મોઝિન) મળી આવ્યો હતો. આ ચારેય ભેળસેળયુક્ત નમૂનાઓ ફેલ જાહેર થતાં તંત્ર દ્વારા સંબંધિત પેઢીઓ સામે એજ્યુડિકેશન કેસ દાખલ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ, આગામી તહેવારોને અનુલક્ષીને આરોગ્ય શાખાની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી કુલ ૪૭ વેપારી પેઢીઓમાં આકસ્મિક તપાસ કરી હતી. આ ચેકિંગ દરમિયાન અસ્વચ્છતા અને વાસી ખોરાક રાખવા બદલ કોઠારીયા રોડ પર આવેલ શિવ પંજાબી ચાઈનીઝમાંથી ૫ કિલો વાસી મન્ચુરીયન અને લોટ તથા કાલાવડ રોડ પરની વર્ણીરાજ રેસ્ટોરન્ટમાંથી ૩૨ કિલો વાસી તૈયાર ખોરાક મળી કુલ ૩૭ કિલો અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ બંને પેઢીઓને હાઈજેનિક કન્ડિશન અને સ્ટોરેજ અંગે નોટિસ ફટકારી કુલ રૂ. ૨,૦૦૦ નો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ તંત્ર દ્વારા પારસ એગ્રો એજન્સી, ગાયત્રી ડેરી ફાર્મ, તિરુપતિ ડેરી ફાર્મ અને જનતા ડેરી સહિતના સ્થળોએથી નમકીન દલીયા, મીઠાઈઓ, સીંગતેલ અને ઘી જેવા કુલ ૧૪ શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લઈ વધુ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

રાજકોટમાં પારો ૩૯.૮ ડિગ્રીએ પહોંચ્યો, આગામી ૭ દિવસ રાહતની કોઈ જ શક્યતા નહીં

હોય નહિ : 'અષાઢ' નહીં પણ અગ્નિવર્ષા જેવું વાતાવરણ

રાજકોટ, તા. ૨૩

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ઓક્ટોબર મહિનામાં શિયાળાની ગુલાબી ઠંડીનો અહેસાસ થવાને બદલે અસહ્ય અને કાળઝાળ ગરમીનો દોર યથાવત રહેવા પામ્યો છે. ચોમાસાની સત્તાવાર વિદાય બાદ પણ રાજ્યના વાતાવરણમાં ઉનાળા જેવો માહોલ છવાયેલો છે. ગઈકાલે બપોરે ૨:૩૦ કલાકે રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જેને કારણે નાગરિકો બપોરના સમયે કાળઝાળ ગરમી અને પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. આ સમયે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૧ ટકા અને પવનની સરેરાશ ઝડપ ૧૨ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. માત્ર રાજકોટ જ નહીં, પરંતુ અમદાવાદ સહિતના અન્ય શહેરોમાં પણ તાપમાનનો પારો ઊંચે જઈ રહ્યો છે, જેના લીધે સમગ્ર રાજ્યમાં પ્રચંડ ગરમી અને ઉકળાટ અનુભવાઈ રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર મહિનામાં રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૨ થી ૪ ડિગ્રી સુધી ઊંચું ચાલી રહ્યું છે. આગામી ૭ દિવસ સુધી રાજ્યભરમાં વાતાવરણ સંપૂર્ણપણે સૂકું રહેશે અને વરસાદ કે રાહત આપે તેવા કોઈ ફેરફારની દૂર-દૂર સુધી કોઈ શક્યતા નથી. ખાસ કરીને સૌરાષ્ટ્ર



પંથકમાં આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં વધુ ૩ ડિગ્રી સુધીનો વધારો થવાની પ્રબળ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના મતે, આ પ્રકારના અસામાન્ય તાપમાન પાછળ મુખ્યત્વે બે મોટા કારણો જવાબદાર છે. પ્રથમ તો, ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી સતત ફૂંકાઈ રહેલા સૂકા પવનોના કારણે ચોમાસું પૂર્ણ થયા બાદ જમીન ખૂબ જ ઝડપથી સૂકી થઈ ગઈ છે. બીજું કે, પાડોશી રાજ્ય રાજસ્થાન તરફથી સીધા આવી રહેલા ગરમ પવનોની સીધી અસર ગુજરાત પર પડી રહી છે, જેને પરિણામે વાતાવરણમાં ગરમીનું જોર અચાનક વધી ગયું છે. આગામી એક સપ્તાહ સુધી આ સિસ્ટમમાં કોઈ મોટો બદલાવ થવાની સંભાવના ન હોવાથી, તાપમાનમાં મોટો ઘટાડો નોંધાવાની કોઈ શક્યતા નથી અને રાજ્યના લોકોએ હજુ આગામી દિવસોમાં આકરી ગરમી સહન કરવા તૈયાર રહેવું પડશે.

દિવાળીના તહેવારોમાં ST નિગમનો મોટો નિર્ણય

રાજ્યભરમાં દોડશે ૪૦૦૦ એકસ્ટ્રા બસો, ગત વર્ષ કરતાં ૫૦૦ વધુ બસો મુકાશે

રાજકોટ, તા. ૨૩

રાજ્યમાં આગામી દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકો પોતાના પરિવાર સાથે પર્વની ઉજવણી કરી શકે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટા પાયે એકસ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એસટી તંત્ર દ્વારા ગત વર્ષના ૩૫૦૦ બસોના આંકડાને વટાવીને આ વર્ષે ૫૦૦ વધુ એટલે કે કુલ ૪૦૦૦ એકસ્ટ્રા બસોનું રાજ્યવ્યાપી સંચાલન કરવામાં આવશે. તહેવારો દરમિયાન મુસાફરોના ભારે ધસારાને ધ્યાનમાં રાખીને આગામી તા. ૪ થી ૭ નવેમ્બર દરમિયાન રાજ્યના ૧૬ ડિવિઝનોમાંથી વિવિધ રૂટો પર ૮,૦૦૦થી વધુ એકસ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી સૌરાષ્ટ્ર તેમજ અમદાવાદ, રાજકોટ, વડોદરા, મહેસાણા, પાટણ અને પાલનપુર તરફ જતા મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને સુરક્ષિત પહોંચાડવામાં આવશે.

ખાસ કરીને સુરત શહેરમાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ અને રાજકોટના રત્નકલાકારો



તેમજ દાહોદ, પંચમહાલ અને ઉત્તર ગુજરાતના શ્રમજીવીઓ માટે સુરત ડિવિઝન દ્વારા એકલા ૧૬૦૦ જેટલી એકસ્ટ્રા બસોનું આયોજન કરાયું છે. તા. ૪ થી ૭ નવેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૪ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી આ બસોનું આયોજન હાથ ધરાશે. ટ્રાફિકની સમસ્યા નિવારી સમયની બચત કરવા માટે તમામ વાહનો કીમ ચોકડીથી ભારતમાલા હાઈવે પરથી દોડાવવામાં આવશે. આ સંચાલનમાં સૌરાષ્ટ્ર તરફની બસો વરાછા રોડ પર આવેલા ધારૂકા કોલેજના મેદાનમાંથી ઉપડશે, જ્યારે દાહોદ, ગોધરા, ઝાલોદ અને પંચમહાલ તરફની બસો એસટી સેન્ટ્રલ બસ સ્ટેશનની સામે આવેલા સીટી સ્ટેન્ડ તેમજ રામનગરથી ઉપડશે. આ વર્ષે નિગમ દ્વારા 'એસટી આપના દ્વારે' અભિગમ હેઠળ ગ્રુપ બુકિંગ કરાવનાર મુસાફરો માટે વિશેષ સુવિધા ઉભી કરાઈ છે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને તેમની સોસાયટી પરથી જ પિક-અપ કરીને સીધા તેમના વતન સુધી પહોંચાડવામાં આવશે. ગ્રુપ બુકિંગની સુવિધા એસટી સેન્ટ્રલ બસ સ્ટેશન સુરત તેમજ અડાલજ બસ પોર્ટ સ્થિત સુરત સીટી ડેપો ખાતેથી મળશે. આ ઉપરાંત મુસાફરો માટે સેન્ટ્રલ બસ સ્ટેશન, અડાલજ, ઉધના, કામરેજ, કડોદરા બસ સ્ટેન્ડ તેમજ નિગમના બુકિંગ એજન્ટો, મોબાઈલ એપ અને અધિકૃત વેબસાઈટ પરથી ઓનલાઈન એડવાન્સ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાઈ છે.

ચાર દિવસ આકાશમાં સર્જાશે રંગબેરંગી રોશનીનો અદ્ભુત નજારો

રાજકોટમાં દિવાળી કાર્નિવલની ભવ્ય તૈયારીઓ

ધનતેરસે માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં આતશબાજીનો રોમાંચ; ૧૨૦૦થી વધુ અવનવા ફટાકડા આકાશને ઝગમગાવશે

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે રેસકોર્સ રિંગ રોડ ઉપર બારસથી દિવાળી સુધીના ચાર દિવસીય ભવ્ય 'દિવાળી કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચાર દિવસ દરમિયાન સમગ્ર રિંગ રોડ રંગબેરંગી રોશનીથી ઝગમગી ઉઠશે અને ડી.જે. મ્યુઝિકની જમાવટથી શહેરમાં ઉત્સવનો અનેરો માહોલ સર્જાશે. આ કાર્નિવલ અંતર્ગત રંગબેરંગી રોશનીની સાથે રંગોળી સ્પર્ધા અને ભવ્ય આતશબાજી સહિતના વિવિધ આકર્ષક કાર્યક્રમો યોજાવાના છે, જેના માટે હાલ ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

ખાસ કરીને આગામી તા. ૬ નવેમ્બરના રોજ ધનતેરસના પાવન અવસરે સાંજે ૭ વાગ્યે રેસકોર્સ સ્થિત માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે એક ભવ્ય આતશબાજી કાર્યક્રમનું આયોજન કરાયું છે. રાજકોટ મ્યુનિસિપાલિટી દ્વારા વર્ષોથી ચાલતી દિવાળી નિમિત્તે રેસકોર્સ ખાતે આતશબાજી યોજવાની પરંપરાને આ વર્ષે વધુ ભવ્ય બનાવાઈ રહી છે, જેમાં આકાશમાં રંગબેરંગી રોશનીનો અદ્ભુત નજારો જોવા મળશે. આ આતશબાજી દરમિયાન ૧૨૦૦થી વધુ ફટાકડાના ઉપયોગથી આકાશ અવનવા રંગોથી રળિયામણું બનશે. આતશબાજીમાં ૨૦૦ ફૂટના નાયગ્રા ફોલ્સથી લઈને મ્યુઝિકલ શોટ, ૨૦૦ કોમેટ, ૨૦૦ માઈન્સ અને ૭૦૦ એરિયલ શોટ ઉપરાંત ૨૪૦ મલ્ટીકલર શોટ, ૧૨૦ મલ્ટીકલર શોટ, ૧૦૦ કેકલિંગ શોટ, ૧૦૦ મ્યુઝિકલ શોટ અને ૧૦૦ સાયરન શોટ જેવી આઇટમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ



ઉપરાંત 'હેપ્પી દિવાળી' નામનું રોશનીથી ઝળહળતું બોર્ડ, પીકોક, થ્રી ઈન વન ખજૂરી, સૂર્યમુખી, પામ ટ્રી, ગોલ્ડન સ્ટાર, ઇલેક્ટ્રિક ખજૂરી અને અશોક ચક્ર જેવા વિશેષ આકર્ષણો તેમજ બિગ સ્પાર્કલ્સની પાંચ પેકેટો પણ આ આતશબાજીમાં ખાસ જોવા મળશે.

આ ભવ્ય આતશબાજી અને કાર્નિવલમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ તંત્ર દ્વારા પ્રવેશ માટે આગોતરી અને અલગ-અલગ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. જે મુજબ, આમંત્રિત મહાનુભાવો રેસકોર્સ સંકુલમાં આવેલા વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમથી હોકી ગ્રાઉન્ડની ગેલેરી પાસેના જીમ તરફ જતા રસ્તેથી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રવેશ મેળવી શકશે. જ્યારે કોર્પોરેટરો અને પ્રેસ-મીડિયાના પ્રતિનિધિઓ માટે બહુમાળી ભવન સામેથી ક્રિકેટ સ્ટેડિયમના પેવેલિયન તરફ જતા રસ્તેથી એન્ટ્રી આપવામાં આવશે. આ ઉપરાંત સામાન્ય જનતા માટે પણ બહુમાળી ભવન સામેના ક્રિકેટ સ્ટેડિયમ તરફ જતા રસ્તેથી તેમજ શ્રી વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમ તરફથી ક્રિકેટ સ્ટેડિયમના ગેટ મારફતે પ્રવેશની વિશેષ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

બીજી તરફ, આ ભવ્ય આયોજનની સાથેસાથે સ્થાનિક સ્તરે વિવાદના સુર પણ ઊઠવા પામ્યા છે. જન્માષ્ટમીનો લોકમેળો હોય કે દિવાળી કાર્નિવલ, રેસકોર્સ રિંગ રોડ ઉપર આવેલા હાઈરાઈઝ એપાર્ટમેન્ટ્સના રહેવાસીઓ દ્વારા વાહન પાર્કિંગ, ટ્રેફિક સમસ્યા તેમજ ફ્લેટની અંદર સુધી પડતી ડિસ્કો ફ્લેશિંગ લાઇટ્સ અને ડી.જે. મ્યુઝિકના બેફામ ઘોંઘાટ સામે સતત વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. અગાઉ ગેલેક્સી એપાર્ટમેન્ટના ફ્લેટ ધારકોએ પણ આ મામલે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ વર્ષે પણ કાર્નિવલ દરમિયાન લાઇટ્સ સીધી ફ્લેટની અંદર ન પડે તથા એપાર્ટમેન્ટના પ્રવેશદ્વાર પાસે મહાપાલિકા દ્વારા ડેકોરેટિવ મંડપ કે સાઉન્ડ સિસ્ટમના સ્પીકરો ન મૂકવામાં આવે તેવી ફ્લેટધારકો દ્વારા સ્પષ્ટ માંગ કરવામાં આવી છે.

એનેસ્થેશિયા ડોઝ આપો...

બોગસ તબીબોના રાફડા હળવા કાયદા, ગંભીર સ્થિતિ



લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતી ઘટનાઓ દિનપ્રતિદિન વધતી જાય છે, જેમાં બોગસ તબીબોનું પ્રદૂષણ સમાજ માટે એક મોટો અભિશાપ સાબિત થઈ રહ્યું છે. તાજેતરમાં જ રાજકોટ પંથકમાં એક જ દિવસમાં ૧૭ બોગસ તબીબો ઝડપાયા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ દર્શાવે છે કે કાયદાના છીંડાનો લાભ લઈને કેવી રીતે સ્વાસ્થ્યના સોદાગરો ખુલ્લેઆમ લોકોના જીવ સાથે રમત રમી રહ્યા છે.

આ નકલી ડોક્ટરોની મોડસ ઓપરેન્ડી પણ અત્યંત ખતરનાક હોય છે. દર્દીઓને જટિલ કે ગંભીર બિમારીઓમાંથી મુક્ત કરવાના દાવા કરનારા આ ઠગ દર્દી ઓને બેશુદ્ધ કરવા અથવા દર્દ છુપાવવા માટે મોટે પાયે પ્રતિબંધિત ઔષધો કે હલકી પદ્ધતિઓનો ઉપયોગ કરતા હોય છે. સાદી ભાષામાં કહીએ તો, આ બોગસ તબીબોને કાયદાનો 'એનેસ્થેશિયા' આપી દેવો અત્યંત જરૂરી બન્યો છે, જેથી તેઓ કાયદાકીય પકડમાંથી ક્યારેય છટકી ન શકે.

આજે સ્થિતિ એવી છે કે સામાન્ય અને હળવા કાયદાના કારણે નકલી તબીબો પકડાય છે, થોડા સમયમાં જમીન પર છૂટી જાય છે અને ફરીથી પોતાના ગેરકાયદેસર ક્લિનિક ખોલીને બેસી જાય છે. કાયદાની આ નબળાઈનો ગેરફાયદો ઉઠાવીને તેઓ ફરીથી નિર્દોષ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ શરૂ કરી દે છે. આવા તબીબો સામે માત્ર ઘરપકડ પૂરતી મર્યાદિત કાર્યવાહી પૂરતી નથી, પરંતુ જો કોઈ દર્દીને તેમની ખોટી સારવારના કારણે શારીરિક આડઅસર, ગંભીર નુકસાન કે અપંગતા આવે, તો તે દર્દીને થયેલી નુકસાનીની આર્થિક રકમ આ બોગસ તબીબો પાસેથી જ વસૂલ કરવામાં આવે તેવી સખત જોગવાઈ હોવી જોઈએ.

જાહેર આરોગ્ય સાથે ચેડા કરવો એ કોઈ સામાન્ય કે મામૂલી બાબત નથી, તે સીધી રીતે મનુષ્યના જીવ સાથે જોડાયેલો ગંભીર અપરાધ છે. જો આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો હોય, તો વહીવટી તંત્ર અને સરકારે કાયદાને વધુ કડક બનાવવા પડશે. બિનઅધિકૃત પ્રેક્ટિસ કરનારાઓ માટે જામીનમુક્ત અને સખત જેલની સજાની જોગવાઈ અનિવાર્ય છે.

આ લડાઈ માત્ર તંત્રની જ નથી, પરંતુ જનજાગૃતિની પણ છે. દર્દીઓ અને સામાન્ય નાગરિકોએ પણ અજાણ્યા કે શંકાસ્પદ ક્લિનિકમાં જતા પહેલા તબીબની ડિગ્રી અને યોગ્ય લાયકાત ચકાસવા માટે જાગૃત થવું ખૂબ જ જરૂરી છે. જ્યારે જનતા જાગૃત બનશે અને કાયદો કડક બનશે, ત્યારે જ આ બોગસ તબીબોના રાફડાનો કાયમી અંત આવશે.



ભારત-ચીન સરહદ વિવાદ

એકવીસ વર્ષમાં પચ્ચીસ બેઠકો છતાં ઉકેલ અધૂરો

ઓગસ્ટ ૨૦૨૬ની બેઠકમાં ૮ મુદ્દાઓ પર સહમતિ બની, પરંતુ પડદા પાછળ સરહદના આખરી સીમાંકનનો કોયડો ઉકેલવો હજુ બાકી

નવીદિલ્હી, તા. ૨૩

ITBP ડીજી શત્રુઘ્ન કપૂર કહે છે કે છેલ્લા કેટલાક મહિનામાં અરુણાચલ પ્રદેશમાં ચીની અને ભારતીય સૈનિકો સામસામે આવી ગયા છે. અથડામણના અનેક કિસ્સાઓ બન્યા છે, જે હજુ પણ ચાલુ છે. ભારત અને ચીન વચ્ચે સરહદ વિવાદ દાયકાઓ જૂનો છે. બંને દેશો વચ્ચે લાંબા સમયથી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ સમગ્ર સરહદ પર અંતિમ કરાર હજુ સુધી થયો નથી. ઓગસ્ટ ૨૦૨૬ માં, બંને દેશોના ખાસ પ્રતિનિધિઓની ૨૫મી બેઠક યોજાઈ હતી. તે સરહદ વાટાઘાટોને આગળ વધારવા, વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર શાંતિ જાળવવા અને લશ્કરી અધિકારીઓ વચ્ચે સંપર્ક વધારવા પર સંમત થઈ હતી. આ છતાં, સૌથી મોટો પ્રશ્ન એ રહે છેઃ સરહદ ક્યાં નક્કી થશે અને બંને દેશો ક્યારે અંતિમ કરાર પર પહોંચશે? આ વિવાદને સમજવા માટે, બંને દેશો દ્વારા દાવો કરાયેલા વિસ્તારોની તપાસ કરવી મહત્વપૂર્ણ છે, ૨૧ વર્ષમાં વાટાઘાટો કેટલી આગળ વધી છે અને તાજેતરના કરારથી જમીન પર કયા ફેરફારોની અપેક્ષા રાખી શકાય છે.

૮ ડિસેમ્બર, ૨૦૧૧ ના રોજ, વિદેશ મંત્રાલયે રાજ્યસભાને જાણ કરી કે ચીન જમ્મુ અને કાશ્મીરમાં આશરે ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર કબજો કરે છે. વધુમાં, ૨ માર્ચ, ૧૯૬૩ ના રોજ ચીન અને પાકિસ્તાન વચ્ચે થયેલા સરહદ કરાર હેઠળ, પાકિસ્તાને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં આશરે ૫,૧૮૦ ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ ચીનને સોંપી દીધો. ભારત સરકારે આ ટ્રાન્સફર ગેરકાયદેસર જાહેર કર્યું. ચીન સરહદની પૂર્વ બાજુએ અરુણાચલ પ્રદેશમાં આશરે ૯૦,૦૦૦ ચોરસ કિલોમીટર જમીનનો દાવો કરે છે.

૨૦૦૩ માં, ભારત અને ચીન સરહદ વિવાદનો રાજકીય ઉકેલ શોધવા માટે ખાસ પ્રતિનિધિઓની નિમણૂક કરવા સંમત થયા. તેમનું કાર્ય સરહદી સમાધાન માટે એક માળખું વિકસાવવાનું હતું જેના પર બંને દેશો સંમત થઈ શકે. પાંચ પ્રારંભિક બેઠકો પછી, ૧૧ એપ્રિલ, ૨૦૦૫ ના રોજ, બંને દેશોએ ભારત-ચીન સરહદ વિવાદના સમાધાન માટે રાજકીય પરિમાણો અને માર્ગદર્શક સિદ્ધાંતો પર કરાર પર હસ્તાક્ષર કર્યા. તેનો ઉદ્દેશ્ય વાજબી, વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ સ્થાપિત કરવાનો હતો. ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં, ખાસ પ્રતિનિધિઓની ૨૫ બેઠકો થઈ હતી. જોકે, સમગ્ર સરહદ પર અંતિમ કરાર થયો ન હતો, જે વિવાદને કાયમી ધોરણે સમાપ્ત કરશે.


બંને દેશોએ ત્રણ નિયુક્ત સરહદ વેપાર બિંદુઓ ફરીથી ખોલવાનું સ્વાગત કર્યું. કૈલાશ માનસરોવર યાત્રા માટે ભારતીય યાત્રાળુ જૂથોની સંખ્યા વધારવા અને સરહદ પાર સહયોગને મજબૂત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો. સરહદ પાર નદીઓ પર એક નિષ્ણાત જૂથ સપ્ટેમ્બરમાં મળશે. તે પાણીના પ્રવાહ અને પાણીના સ્તર પર ડેટા શેર કરવા અને જૂના કરારોને આગળ વધારવા પર ચર્ચા કરશે. ભારત-ચીન સંબંધોમાં તણાવનો એક મુખ્ય સ્ત્રોત જૂન ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં બંને દેશોની સેનાઓ વચ્ચે થયેલી હિંસક અથડામણ હતી. ત્યારબાદ, સરહદ પર વિશ્વાસ ઘટ્યો, જેના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો પર અસર પડી. ભારતે ચીની રોકાણ પર પ્રતિબંધો લાદ્યા, ટિકટોક સહિત અનેક ચીની એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો અને ચીન સાથે સીધી ફ્લાઇટ્સ બંધ કરી દીધી.

દિલ્હીમાં યોજાશે ઈન્ડો-પેસિફિક પ્રાદેશિક સંવાદ

૩ નવેમ્બર થી શરૂ થતી બેઠકમાં ૧૮ દેશોના નિષ્ણાતો લેશે ભાગ

નવીદિલ્હી, તા. ૨૩

ભારતીય નૌકાદળ ૩ થી ૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીમાં ઈન્ડો-પેસિફિક પ્રાદેશિક સંવાદનું આયોજન કરશે. આ ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદમાં ૧૮ દેશોના નિષ્ણાતો ભાગ લેશે. પ્રથમ દિવસે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પરિષદને સંબોધિત કરશે. આ વર્ષે, પરિષદનો વિષય ઈન્ડો-પેસિફિકમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને શૈક્ષણિક સહયોગ છે. ભારતીય નૌકાદળ રાષ્ટ્રીય દરિયાઈ ફાઉન્ડેશનના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. પરિષદમાં દરિયાઈ સુરક્ષા, વૈજ્ઞાનિક સંશોધન, નવી તકનીકો, વધુ સારા સમુદ્ર વ્યવસ્થાપન અને આબોહવા પરિવર્તન જેવા મુખ્ય પડકારોની ચર્ચા કરવામાં આવશે. દરિયાઈ વેપાર અને પુરવઠા શૃંખલાઓનું રક્ષણ કરવા, દરિયાઈ સંસાધનોનું સંરક્ષણ કરવા અને મહત્વપૂર્ણ દરિયાઈ



માળખાગત સુવિધાઓનું રક્ષણ કરવા માટે સહયોગ વધારવા પર પણ ભાર મૂકવામાં આવશે.

ત્રણ દિવસમાં પાંચ મુખ્ય સત્રો યોજાશે. આમાં શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે નેટવર્કિંગ, સંશોધન અને નિષ્ણાત તાલીમ, દરિયાઈ દેખરેખ, સમુદ્ર વિજ્ઞાન, આબોહવા પરિવર્તનનો સામનો, સમુદ્ર શાસન અને નવી દરિયાઈ તકનીકોનો સમાવેશ થશે. પરિષદના પ્રથમ દિવસે ''ધ્વજ પુલના દ્રષ્ટિકોણ'' શીર્ષક ધરાવતું એક ખાસ સત્ર યોજાશે, જેમાં ભારત અને શ્રીલંકાના ભૂતપૂર્વ નૌકાદળના વડાઓ ભાગ લેશે. વધુમાં, ''સહયોગ કા સંવાદ'' શીર્ષક હેઠળ રાજદ્વારીઓ સાથે એક ખાસ સંવાદ યોજાશે. આ પરિષદને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઈન્ડો-પેસિફિક મહાસાગર પહેલ અને ભારતની દરિયાઈ વ્યૂહરચના, મહાસાગના ઉદ્દેશ્યોને આગળ વધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ સંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશો વચ્ચે સહયોગ વધારવાનો અને દ્વિપક્ષીય અને બહુપક્ષીય રીતે અમલમાં મૂકી શકાય તેવા નક્કર પ્રસ્તાવો વિકસાવવાનો છે. ભારતીય નૌકાદળ ૩-૫ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં ઈન્ડો-પેસિફિક પ્રાદેશિક સંવાદનું આયોજન કરશે. થીમ ''વિજ્ઞાન, ટેકનોલોજી અને શૈક્ષણિક સહયોગ'' હશે.

ડોક્ટરોની જાહેરાતો પર NMCની લાલ આંખ

૧૦૦% ગેરંટી અને ફેક રિવ્યુ આપનારાઓ અથવા વૈજ્ઞાનિક પુરાવા વિના અતિશયોક્તિપૂર્ણ દાવા પર થશે કાર્યવાહી

નવીદિલ્હી, તા. ૨૩

તમે સોશિયલ મીડિયા પર એવી જાહેરાતો જોઈ હશે જે તમને લગભગ ખાતરી કરાવતી હતી કે આ તેલ લગાવવાથી વાળ ખરવાનું બંધ થશે જ, પણ પહેલાથી જ ખરી ગયેલા વાળ પણ પાછા મળશે. તમે એક ગોળી જોઈ હશે જે ડાયાબિટીસને ઝડપથી નાબૂદ કરવાનો દાવો કરે છે, અથવા એક મહિનામાં ૮ કિલો વજન પણ ઘટાડી શકે છે. તમે ક્યારેક આવી જાહેરાતોથી લલચાઈ ગયા હશો, અને વિચારશો કે એકવાર અજમાવવામાં શું નુકસાન છે. જો કે, એવા લોકોની લાંબી યાદી છે જેમણે પૈસા અને વિશ્વાસ બંને ગુમાવી દીધા છે. નેશનલ મેડિકલ કમિશને હવે આવી જાહેરાતો પર કડક કાર્યવાહી કરી છે જે લોકોને નકલી સમીક્ષાઓ, દર્દીના ફોટા અને ગેરંટીકૃત ઉપચાર સાથે ક્લિનિક તરફ આકર્ષિત કરે છે. ઓક્ટોબર ૨૦૨૬ થી અમલમાં આવનારી નવી માર્ગદર્શિકાએ ડોકટરો અને હોસ્પિટલો માટે ઓનલાઈન પ્રમોશન માટે કડક નિયમો



નક્કી કર્યા છે.

હવે, ડોકટર અને હોસ્પિટલ પ્રમોશનનો અવકાશ અખબારો, ટીવી અને બિલબોર્ડથી આગળ વધે છે, પરંતુ ઇન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યુબ વિડિઓઝ, ફેસબુક પોસ્ટ્સ, વેબસાઇટ્સ, પ્રાયોજિત સામગ્રી અને પ્રભાવક માર્કેટિંગ સુધી પણ વિસ્તરે છે. ડોકટરોએ ઇલેક્ટ્રોનિક મીડિયા પર તેમનું નામ, લાયકાત અને તબીબી નોંધણીની માહિતી પ્રદાન કરવી આવશ્યક છે. ધ્યેય એ છે કે દર્દીઓ સચોટ માહિતીના આધારે ડોક્ટર પસંદ કરે અને ભ્રામક દાવાઓનો શિકાર ન બને. જોકે, સામાન્ય સ્વાસ્થ્ય જાગૃતિ અને તથ્યપૂર્ણ તબીબી માહિતી પર કોઈ પ્રતિબંધ નથી. ડોકટરો એવી જાહેરાતો પ્રકાશિત કરી શકતા નથી જે સારવારની ૧૦૦% ગેરંટી આપે છે, શ્રેષ્ઠ હોવાનો દાવો કરે છે, અથવા વૈજ્ઞાનિક પુરાવા વિના અતિશયોક્તિપૂર્ણ દાવા કરે છે. પેઇડ સમીક્ષાઓ, નકલી પ્રશંસાપત્રો અને રેટિંગ સાથે દર્દીઓને આકર્ષિત કરવું નિયમોની વિરુદ્ધ છે. ડોકટરોને પ્રચાર માટે દર્દી સમીક્ષા ભલામણો માંગવા અને તેનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધોનો સામનો કરવો પડશે. સેલિબ્રિટી દર્દીઓ દ્વારા તેમની સેવાઓનો પ્રચાર કરવો, જેમાં પહેલા અને પછીના ફોટા બતાવવાનો સમાવેશ થાય છે, તે પણ પ્રતિબંધો અને શરતોને આધીન રહેશે. દર્દીની સંમતિથી પ્રતિબંધિત જાહેરાત કાયદેસર બનતી નથી.

લોકો નકલી દર્દીઓ, પ્રશંસાપત્રો અથવા AI નો ઉપયોગ કરીને બનાવેલી ભ્રામક છબીઓથી પ્રભાવિત થઈ શકતા નથી. જ્યાં માર્ગદર્શિકા અંઈ સામગ્રીનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે, ત્યાં તેનો ખુલાસો કરવો આવશ્યક છે. કૂપન, કેશબેક, ડિસ્કાઉન્ટ, મફત સારવાર અને અન્ય વ્યાવસાયિક ઓફરો આપીને દર્દીઓને આકર્ષવા પર પણ પ્રતિબંધો લાદવામાં આવશે. કાર્યવાહી કરતા પહેલા, નિર્ધારિત પ્રક્રિયા મુજબ સંબંધિત પક્ષને નોટિસ અને જવાબ આપવાની તક આપવામાં આવશે. દરેક ઉલ્લંઘન માટે લાઇસન્સ રદ કરવામાં આવશે નહીં. સંબંધિત મેડિકલ કાઉન્સિલ ઉલ્લંઘનની ગંભીરતા, તેના સ્વભાવ અને તેની ઘટનાની આવર્તનના આધારે નિર્ણય લેશે. સોશિયલ મીડિયા પર ડોકટરો અને હોસ્પિટલો દ્વારા ૧૦૦% સારવાર ગેરંટી, નકલી દર્દી સમીક્ષાઓ અને ચમત્કારિક પરિણામોનો દાવો કરતી જાહેરાતો સામે હવે કડક કાર્યવાહી શરૂ થઈ રહી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

ચાંદો ઊગ્યો ચોકમાં સખી... શરદપૂર્ણિમાનું સાચું મહાત્મ્ય જાણી એને ઉજવીએ



આવતી કાલે આસો સુદ પૂનમ એટલે કે શરદ પૂર્ણિમાનો દિવસ. ભારતીય સંસ્કૃતિમાં જેમ સૂર્યનું મહત્વ છે, એ જ રીતે ચંદ્રનું પણ ખૂબ મહત્વ છે, અને આપણે ત્યાં વિવિધ પૂનમો તેનાં વિવિધ મહાત્મ્ય સાથે ઉજવવામાં આવે છે, કારતક સુદ પૂનમને દેવ દિવાળીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે, પોષ મહિનાની પૂનમ પોષી પૂનમ તરીકે જાણીતી છે,એ દિવસે ગીરનારની અંબાનો પ્રાકટ્ય દિવસ છે. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળી નાં તહેવાર તરીકે ઉજવાય છે. ચૈત્ર સુદ પૂનમને હનુમાન જયંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. એ જ રીતે વડ સાવિત્રી, ગુરુ પૂર્ણિમા, રક્ષાબંધન વગેરે તહેવારો પણ પૂનમ અંતર્ગત ઉજવવામાં આવે છે. પરંતુ શરદ પૂનમની રાતને વિશેષ મહત્વ આપવામાં આવે છે, અને ખાસ કરીને આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજીનાં મહારાસનાં આપણા આદ્ય કવિ નરસિંહ મહેતાને દર્શન થયા હતાં અને ત્યારથી રાસ રમવામાં આવે છે.

આ ઉપરાંત આ ઋતુ પ્રાકૃતિક રીતે પણ ખૂબજ ઉત્તમ માનવામાં આવે છે. શરદપૂર્ણિમાના તહેવારે લોકો શીતળ ચાંદની માણે, તો ઘણાં બધા રોગનું નિવારણ પણ થાય છે. શરદની શીતળ ચાંદનીમાં રાખેલાં દૂધપાક કે ખીર ખાવાથી પિત્તનું શમન થાય છે, અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. આમ તો બધી પૂનમનાં દિવસે ચંદ્રમા પોતાનાં અજવાળા પૃથ્વી પર પાથરે છે, સૂર્ય અને ચંદ્રમા તફાવત એ છે કે સૂર્ય એકધારો હોય છે, જ્યારે ચંદ્ર તેની કળામાં વધઘટ કરીને પ્રકાશતો જોવા મળે છે, અને તેથી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. કારણ કે પુનમને દિવસે સોળે કળાએ ખીલેલો ચંદ્ર જોવા મળે છે.

શરદપૂર્ણિમાની રાત્રે રાસ રમવાનું પણ એક વિશેષ કારણ આપણે ઉપર જોયું તેમ નરસૈયા એ જ્યારે ગોપનાથનાં ગોપીનાથમાં ભગવાન આશુતોષ ધ્યાન ધર્યું, અને ત્રણ દિવસની ખૂબ આકરી તપશ્ચર્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા, અને તેમણે નરસૈંયાને શ્રીકૃષ્ણ રચિત મહારાસના દર્શન કરાવ્યાં. મહારાસની આપણે ત્યાં એક પરિકલ્પના છે, કે વૃંદાવનમાં ગોપીઓ ને કાન રાધા સાથે જ રાસ રમે છે, એવી એક સૌથી મોટી ફરિયાદ હતી, અને ભગવાન કૃષ્ણ એક એક કાન્હ અને એક એક ગોપી એવો મહારાસ રમ્યાં હતાં, એટલે કે દરેક ગોપી સાથે એક એક કાન્હ સ્વરૂપ રાસ રમતું હતું. આ દર્શન જોવાં માટે દેવતાઓ પણ વિહ્વળ બનતાં. ભગવાન શંકર પણ ગોપી વેશ ધારણ કરીને આ મહારાસ જોવા ગયાં હતાં, કારણકે આ રાસમાં સ્ત્રી સિવાય કોઈ પણ પ્રવેશી શકે નહીં,અને કહેવાય છે કે નરસિંહ મહેતા આ મહારાસ જોવામાં એવા તલ્લીન થઈ ગયા કે, તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો, છતાં એ તલ્લીનતાનો ભંગ થયો નહીં. એ દિવસથી નરસિંહના જીવનમાં રાધા કૃષ્ણનાં અમર પ્રેમની પરમ ભક્તિનું બીજ અંકુરિત થયું, અને નરસિંહની ચેતના વૃંદાવનમાં જ વસી ગઈ, અને શ્યામ સંગ એણે વ્રજ વનિતા બની પ્રણય રાગ આલાપ્યો. ભક્ત અને ભગવાન વચ્ચેનાં પરમ પ્રેમનો સંબંધ અહીં જોવાં મળે છે. આજે આપણે કવિતા અને છંદના બંધારણ જાણતાં થયાં, પરંતુ નરસિંહની એકોએક રચના મોટેભાગે છંદમાં જોવા મળે છે, અને તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. પ્રેમ હોય ત્યાં અછાંદસ એટલે લય વગરનું કંઈ હોય જ નહિ, બધું જ વ્યવસ્થિત અને છંદ એટલે કે સુમેળ ભર્યું હોય. ગુજરાતી સાહિત્યને નાગર નરસિંહ એ ખૂબ બધા પદ આપ્યાં છે, અને ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારનારા આ પદ વાંચનારના મનમાં પણ અમુક પ્રકારની આધ્યાત્મિક હલચલ ઊભી કરે છે. જેમ કે, જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે!!, નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે!, પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, હરિના જન તો મુક્તિ ન માગે માગે જનમોજનમ અવતાર રે, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો, સુખ-દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયાં રઘુનાથનાં જડિયાં, અને વાંચકને વૈષ્ણવ બનાવતી વૈષ્ણવ જન તો તેને રે કહીએ પીડ પરાઈ જાણે રે, આવી તો કેટલીયે રચના કે જે આપણને અંતરતમ જગાડવા માટે પર્યાપ્ત છે, અને જેનો રસાસ્વાદ ગુરુવારના ચિંતનમાં આપણે જોઈએ જ છીએ. આ ઉપરાંત નરસિંહ મહેતાએ શૃંગારના પદ લખી અને લોકને ચકિત કરી દીધા છે, એટલે કે ભક્તિની પરાકાષ્ઠાએ જીવ ઈશ્વરની પ્રિયતમા પણ બની શકે, અને તેની પર પોતાનો સંપૂર્ણ અધિકાર પણ જમાવી શકે, તેને પ્રશ્નાર્થ પણ કરી શકે, તેને ફરિયાદ પણ કરી શકે, અને હક પણ જતાવી શકે. મેં પણ માનસ નાગર કથા વખતે નરસિંહને વાંચ્યા, જાણ્યા ને માણ્યા ત્યારથી નરસૈયાની નજરથી જ કૃષ્ણને જોયો છે, આલેખ્યો છે, અને થોડોઘણો આત્મસાત પણ કર્યો છે,એ બધી નરસિંહની કૃપાનું પરિણામ છે.

કહેવાય છે કે મહારાસના દર્શન કર્યા પછી નાગર નરસૈયા એ નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી, આ રાસની રચના કરી, અને પોતાના મનોભાવનું આબેહૂબ વર્ણન કર્યું. નથડી એટલે કે તેનું ચિત્ત મહારાસના દર્શન પછી ખોવાઈ ગયું, એવી ભૂમિકા પર આ રાસની રચના થઈ છે. તો મહારાસ સાથે એક બીજી દંતકથા પણ જોડાયેલી છે. રાધા સંગે મહારાસ રમ્યા પછી ભગવાન કૃષ્ણ રાધાજીને પૂછે છે કે, મહારાસમાં મજા આવી? એટલે રાધાજી હા પાડે છે, અને કહે છે કે મને તમારા ખભે બેસાડો, હુ સમગ્ર સૃષ્ટિને અહીંથી જોવા માંગું છું. ભગવાને કોઈપણ આનાકાની કર્યા વગર રાધાજીને ખભે બેસાડ્યાં, એટલે સહજ રીતેજ રાધાને અહંકાર આવ્યો કે મારી વગર કૃષ્ણ તત્વ અધૂરું છે. ભગવાન આ વાત જાણી જાય છે, અને ફરતાં ફરતાં એક ઝાડ નીચેથી પસાર થાય છે, ત્યાં રાધાને ડાળી પકડવાનું કહે છે, અને રાધાજી ડાળી પકડે છે, એટલે પોતે ત્યાંથી ચાલ્યા જાય છે. આમ ભક્તમાં જ્યારે જ્યારે અભિમાન આવે ત્યારે, ભગવાન તેને લટકતા છોડીને ચાલ્યાં જાય છે, એવી પણ એક વાત આની સાથે જોડાયેલી છે.

શરદપૂનમથી વર્ષાઋતુની વિદાય થાય છે, અને હેમંતના પગરણ મંડાય છે, એટલે કે શિયાળાની શરૂઆત થાય છે. પૂનમનો ચાંદ માનવીય મનને પ્રભાવિત કરે છે. કારણકે મન ચંદ્રની કળાઓ સાથે જોડાયેલું હોય છે, અને તેથી જ તેમાં ખુશી અને ઉદાસી એટલે કે ચડતી કળા અને ઉતરતી કળા જેવા ભાવ સતત જોવા મળે છે. સાગર પણ ચંદ્રમાનું પૂર્ણ તેજસ્વી સ્વરૂપ જોઈને ગાન્ડોતૂર થાય છે, અને તેથી પૂનમે આપણે ત્યાં ભરતી અને અમાસે ઓટ હોય છે. ભગવાન શંકરે પોતાનાં ભાલમાં ચંદ્રને સ્થાન આપ્યું છે, એટલે કોઈ ખાસ ઉપલબ્ધિ માટે આપણે ત્યાં ચંદ્રને સ્વીકારવામાં આવ્યો છે. વનસ્પતિ અને અન્ય જનજીવન પણ ચંદ્રના પ્રકાશથી પ્રભાવિત છે, અને કેટલી પ્રકારની વનસ્પતિઓ પૂનમની ચાંદનીમાં અમૃત મેળવે છે, અને આ વનસ્પતિનો ઔષધી તરીકે ઉપયોગ કરવાથી દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. પક્ષી અને પ્રાણીની અમુક પ્રજાતિઓ માટે પૂનમનો દિવસ પ્રજનન કાળ તરીકે પણ પ્રચલિત છે. ટૂંકમાં કામ ભાવની વૃદ્ધિ કરનાર શરદ પુનમને દિવસે મન કાબૂમાં રહે, એ માટે જ મહારાસ એટલે કે આત્મા-પરમાત્મા અને પ્રકૃતિ ત્રણેનાં મિલનનો સંયોગ એટલે કે શરદ પૂર્ણિમાની રાતનો મહારાસ છે, જ્યાં જીવ પ્રકૃતિ સાથે પરમ તત્વમાં તલ્લીન થઈ જાય છે, એટલે કે સ્વયંની જે પ્રકૃતિ હોય તે ભૂલીને કૃષ્ણ તત્વમાં સમાય જાય છે,એ મહારાસ હશે જ એવો કે જ્યાં સૌ કોઈ ભાન ભૂલી જાય, એટલે જ તો નરસૈયો પણ ભાન ભૂલી જાય છે, અને હાથ સળગી જાય છે. માત્ર સ્થૂળ રીતે એ ઘટનાને ન જોતાં, સૂક્ષ્મ રીતે જોઈએ તો નરસિંહ મહેતાએ દેહ ને સળગાવ્યા પછીની મૃત્યુ પછીની મુક્તિની અવસ્થાનો જીવતા આનંદ લીધો, એવું પણ આપણે કહી શકીએ. ગોપી ઓનાં વસ્ત્રો પડતાં પણ દેખાડ્યાં છે, એટલે કે સ્ત્રી લીંગ ,પુ લીંગની આપણી માનસિકતા એ બધું જ છૂટે તો જ, આ મહારાસ એટલે કે જીવન મુક્તિના રાસમાં પ્રવેશ મળે, અને શરદનો મહારાસ આપણે પણ માણી શકીએ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વાહન અકસ્માતની વધુ બે ઘટનામાં બે પરિવારોએ સ્વજનોને ગુમાવી દીધા

યુવાન-વૃધ્ધના અકસ્માતમાં મોત

ઝેરી દવા, ફિનાઇલના ઘૂંટડા ભરી લઇ મોત મેળવવાનો પ્રયાસ કરવાના ૧૦ બનાવ

રાજકોટ તા. ૨૩

અપમૃત્યુના બે અલગ અલગ બનાવ બન્યા હતાં. જેમાં એક યુવાનનું જમવાનું પાર્સ દેવા જતી વખતે અકસ્માતમાં મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય એક બનાવમાં એક વૃધ્ધને પણ વાહન અકસ્માત નડતાં જીવ ગયો હતો. બીજી તરફ રાજકોટ શહેરમાં અલગ અલગ બનાવોમાં યુવાનો, મહિલા, વૃધ્ધે ફિનાઇલ અને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. દસ કલાકમાં આવી દસ અલગ અલગ ઘટનાઓની પોલીસ ચોકીના રજીસ્ટરમાં નોંધ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો લોધીકાના છાપરા નજીક વાહન અકસ્માત સર્જાતા મુળ યુપીના યુવાનનું મોત થયું છે. આ યુવાન મિત્રને જમવાનું પાર્સલ આપવા જઇ રહ્યો હતો ત્યારે બનાવ બન્યો હતો. તેને સારવાર માટે ગંભીર હાલતમાં રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. છાપરા ગામે રહેતો ઉદયભાગ રામપ્રવેશ કુશવાહા નામનો પચ્ચીસ વર્ષનો યુવાન એકવીસમીએ બપોરે એકાદ વાચ્યે બાઇક હંકારીને જતો હતો.

તે વખતે છાપરા ગામ નજીક બાઇક સ્લીપ થઇ જતાં માથા, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ ગત સાંજે તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ઉદયભાગ મુળ યુપીનો વતની હતો. છાપરા રહી કંપનીમાં કામ કરતો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા અપરિણીત હતો. બનાવથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજી આવી ઘટનામાં કોઠારીયા રોડ નંદા હોલ પાસે સુભાષનગર-૬માં રહેતાં અઠાવન વર્ષના સુરેશભાઇ ખોડાભાઇ નોંધણવદરા સાંજે છએક વાચ્યે આજીડેમ ચોકડીથી ખોખડદળ તરફના સર્વિસ રોડ પર ચાલીને જતાં હતાં ત્યારે કોઇ અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.૫ રંતુ અહિ મૃત્યુ થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇગયો હતો.

અન્ય દસ આપઘાતના પ્રયાસની ઘટનાઓ પર નજર કરીએ તો ભગવતીપરા શેરી નં. ૨ ખોડીયાર પાન પાસે રહેતાં સોનીબેન ઇન્દ્રજીત શર્મા નામના



ત્રીસ વર્ષના મહિલાએ રાતે બે વાચ્યે ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. સોનીબેનને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે.

બીજા બનાવમાં રેલનગર આસ્થા ચોકમાં કિષ્ના બોર્ડીંગ પાસે રહેતાં ત્રેવીસ વર્ષના દિપક રાજેશભાઇ ચાવડા નામના યુવાને સાંજે ચોકમાં ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પ્ર.નગર પોલીનસે જાણ કરાઇ હતી. ત્રીજા બનાવમાં બેડીનાકા દરબારગઢ ચોકથી આગળ રહેતાં અને સોની કામ કરતાં નંદનભાઇ પ્રકાશભાઇ વાગડીયા નામના છવ્વીસ વર્ષના યુવાને ઝેરી દવા પી લેતાં સિવિલમાં ખસેડાતાં એ-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. નંદનભાઇ ત્રણ ભાઇમાં નાના છે અને એક દિકરી છે. કારણ પરિવારજનો જાણતાં નથી.

ચોથા બનાવમાં કુવાડવા રોડ પર રોહીદાસપરામાં રહેતાં આડત્રીસ વર્ષના કાંતાબેન પ્રકાશભાઇ સોલંકી નામના રાતે દોઢેક વાચ્યે ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. પાચ

પાંચમા બનાવમાં નવયુગપરા-૭માં રહેતાં કરણભાઇ દિનેશભાઇ સિંધવ નામનો ત્રીસ વર્ષનો યુવાન રાતે એકાદ વાચ્યે ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝનમાં જાણ કરી હતી.

તેમજ છઠ્ઠા બનાવમાં ગાંધીગ્રામ ઘરમનગર ક્વાર્ટરમાં રહેતાં કેતનભાઇ રમેશભાઇ લખલાણી નામના ચાલીસ વર્ષના યુવાને સાંજે ઘર નજીક ફિનાઇલ પી લેતાં સારવાર માટે દાખલ કરવામાં આવતાં યુનિવર્સિટી પોલીસને જાણ કરાઇ હતી.

સાતમા બનાવમાં ગાંધીગ્રામ શેરી નં. ૩માં રહેતાં જગદીપભાઇ દુર્ગેશભાઇ ઉનાતર નામના સિત્તેર વર્ષના વૃધ્ધે ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. તેમને સંતાનમાં બે દિકરા છે. પોતે ચાર ભાઇ અને એક બહેનમાં મોટા છે. વિચારવાયુને કારણે પગલુ ભર્યાનું જણાવાયું હતું.

આઠમા બનાવમાં ચુનારાવાડ-૫માં રહેતાં સતિષભાઇ ભીખુભાઇ રોરીયા નામના બત્રીસ વર્ષના યુવાને સાંજે ફિનાઇલ પી લેતાં સિવિલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. નવમા બનાવમાં વિછીયાના ફુલઝર ગામે સત્તર વર્ષની છાત્રાને ઝેરી અસર થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં વિછીયા પોલીસને જાણ કરાઇ હતી. તેણી ધોરણ-૧૧માં અભ્યાસ કરે છે. પાણીને બદલે ગ્લાસમાં ભરેલી ઝેરી દવાનો ઘુંટડો ભુલથી પી લીધાનું જણાવાયું હતું. જ્યારે દસમા બનાવમાં આઠમા બનાવમાં આજીડેમ ચોકડીએ અનમોલ પાર્કમાં રહેતાં રીયાઝભાઇ નાસીરભાઇ કુરેશી નામના યુવાને ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી.

પોતાની માલિકીની દૂકાન ભાડેથી આપી હોઇ એ વાત કુટુંબી ભાઇને ખટકી અને મિત્રો સાથે આવી ખેલ કર્યો

તું દૂકાન ખાલી કરાવ : ભાઇ સાથે ભાઇની ધમાલ-તોડફોડ

ભીલવાસની ઘટનાઃ એક વખત માથાકુટ કરી છરી બતાવી ધમકી દઇ શાકભાજીની રેંકડી ઉંધી વાળી, બીજી વખત રાતે આવી ફરી તોડફોડ કરી ભાગી ગયાઃ ત્રણ જણા વિરૂધ્ધ કાર્યવાહી

રાજકોટ તા. ૨૩

માથાકુટના બનાવો અવાર-નવાર બનતા રહે છે. ઘણીવાર અજાણ્યા ઘા કરી જાય છે, તો ઘણીવાર ઘરના જ ઘા કરતાં હોય છે. આવી જ એક ઘટનાશહેરના ભીલવાસ મેઇન રોડ પર પેટ્રોલ પંપ નજીક રહેતાં આધેડે સાથે બની હતી. તેમણે પોતાની માલિકીની દૂકાન ભાડે આપી છે. પણ તેના કુટુંબી ભાઇને આ બાબત કોઇપણ કારણોસર ખટકતી હોઇ તેણે પોતાના મિત્ર સાથે આવી આધેડને તે દુકાન ભાડે શું કામ આપી છે, તે ઓછુ ભાડુ આપે છે, ખાલી કરાવી નાંખ તેમ કહી ધમાલ મચાવી છરી કાઢી ધમકી દઇ તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં પ્ર.નગર પોલીસે સદર વિસ્તાર ભીલવાસ મેઇન રોડ પર ઇગલ પંપની બાજુમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના કરીમભાઇ મહમદભાઇ ચૌહાણની ફરિયાદ પરથી તેમના કુટુંબી ભાઇ ઇલ્યાસ દોસુભાઇ ચૌહાણ, મોહસીન મુનાફભાઇ જુણેજા અને સમીર જુણેજા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. કરીમભાઇ પરિવાર સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. તેની માલિકીની દુકાન ઇગલ પેટ્રોલ પંપ નજીક મચ્છીવાડામાં આવેલી છે, આ દુકાન તેણે રફીકભાઇ કરીમભાઇ કાબાવલીયાને ભાડે આપી છે. ફરિયાદમાં જણાવાયા મુજબ કરીમભાઇ



એકવીસમીના સાંજના આશરે સાડા ચાર વાગ્યાના સુમારે ઘરે હાજર હતા.

ત્યારે તેમના કૌટુંબિક ભાઇ ઈલીયાસ દોસુભાઇ ચૌહાણ તથા તેનો મિત્ર મોહસીન મુનાફભાઇ જુણેજા બંને ઘરે આવ્યા હતા. ઈલીયાસે કરીમભાઇને કહ્યું હતું કે, મચ્છીવાડા પાસેની દુકાન રફીકભાઇને કેમ ભાડે આપી છે? તે ઓછું ભાડું આપે છે, તેને ખાલી કરાવી નાખ. આથ કરીમભાઇએ-દુકાન મારી માલિકીની છે અને મને ભાડું પોસાય છે તેમ કહેતાં ઇલ્યાસનો મિત્ર મોહસીન એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. કરીમભાઇએ ગાળો બોલવાની ના પાડતા મોહસીને નેફામાંથી છરી કાઢી આજે તને જાનથી મારી નાખવો છે અને તારી દુકાન પણ તોડી નાખવી છે તેમ કહી ધમકી આપી હતી.

જેથી ગભરાઇ ગયેલા કરીમભાઇએ ઘરની અંદર જઇ ડેલી બંધ કરી દીધી હતી. ત્યારબાદ મોસીને ઘર બહાર પડેલી આશરે ૨૦ કિલો શાકભાજી ભરેલી મોહસીને રેકડી ઉંધી વાળી દઈ નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ રાતે અગીયારેક વાગ્યે ફરીથી મોહસીન અને સમીર જુણેજાએ કરીમભાઇના ઘર પાસે આવી ગાળો ભાંડી હતી. તેમજ બીજી વખત પણ ધમાલ મચાવી શાકભાજીની રેકડી તથા ખુરશીઓ તોડી નાખી હતી. આ ઉપરાંત ઘરની ડેલી પર પથ્થરના ઘા કરી ડેલી પણ તોડી નાખી હતી.

ત્યારબાદ થોડીવારમાં ઈલીયાસ પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને પરિવાર પર પથ્થરમારો કરવા લાગ્યો હતો. ઘટના અંગે પરિવારે ૧૧૨ નંબર પર ફોન કરતાં હુમલાખોરો ભાગી ગયા હતા. શરૂઆતમાં કૌટુંબિક સગા હોવાથી ઘરમેળે સમાધાનની વાતો ચાલતી હોઇ તે રાત્રે ફરિયાદ કરી ન હતી. પરંતુ સમાધાન ન થતાં આખરે કરીમભાઈએ પરિવાર સાથે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ કરતાં પોલીસ ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. વી. ભગોરાએ એફઆઇઆર દાખલ કરી તપાસ આદરી હતી.

કામ બંધ નહિ કરો તો ટાંટીયા ભાંગશે

બાંધકામ કોન્ટ્રાકટર પિતા-પુત્ર સાથે બાકાઝીકી

પાડોશમાં રહેતી બે મહિલા સહિત ચાર સામે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઇ

રાજકોટ તા. ૨૩

બાંધકામની સાઇટ પર બોરનું કામ ચાલુ હોઇ ધુળ ઉડવા મામલે બાંધકામ કોન્ટ્રાક્ટર પિતા-પુત્રને પાડોશી મહિલાઓ સહિત ચાર જણાએ ધમકાવી ગાળો દઇ મારામારી કરી લેતાં અને ટાંટીયા ભાંગી નાંખવાની મારી નાંખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ હતી.

કોઠારીયા ગામ ખાતે કન્સ્ટ્રકશન સાઇટ પર મકાન માટે બોરવેલનું કામ ચાલુ હતું તે દરમિયાન ધુળ ઉડવાની બાબતે પાડોશમાં રહેતાં મહિલાઓ સહિતનાએ ઉશ્કેરાઇ જઇ બાંધકામના ધંધાર્થી પિતા-પુત્ર સાથે ગાળાગાળી અને મારા મારી કરી તેમજ જો કામ બંધ નહિ કરો તો જીવતા ઘરે નહિ જઇ શકો, ટાંટીયા ભાંગી જશે એવી ધમકી આપતાં ફરિયાદ થઇ હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ જુના સુભાષનગર-૩ બગીચાની સામે રામેશ્વર ડેરીની બાજુમાં રહેતાં અને કન્સ્ટ્રકશનનો ધંધો કરતાં સોહમભાઇ કિશોરભાઇ ટીંબલીયા (ઉ.વ.૨૬)ની ફરિયાદ પરથી ભીમજીભાઇ સગપરીયાના પત્નિ, અક્ષય જોખી, મોહિત સાપરીયા અને જય પટેલના પત્નિ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વધુ માહિતી અનુસાર સોહમભાઇ પરિવાર સાથે રહે છે અને તેના પિતા પણ તેની સાથે કન્સ્ટ્રકશનનું કામ સંભાળે છે. ફરિયાદમાં જણાવાયું છે કે સોહમભાઇ અને તેમના પિતા કિશોરભાઇકોઠારીયા ગામમાં લાખા છપ્પર હનુમાન મંદિરની પાછળ આવેલી 'રામેશ્વર ગોલ્ડ' કન્સ્ટ્રકશન સાઇટ પર હતા ત્યારે અહિ બોરવેલનું કામ ચાલુ હતું. ધુળ ન ઉડે તે માટે સાઇટ પર પાણી છાંટવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન બાજુની શેરીમાંથી કેટલીક મહિલાઓ ત્યાં આવી પહોંચી હતી અને ધુળ ઉડવા અંગે વિરોધ દર્શાવ્યો હતો. આથી કિશોરભાઇએ તેમને શાંતિથી સમજાવતા કહ્યું હતું કે-પાણી છાંટવાનું ચાલુ જ છે અને જો તમારા મકાનમાં ધુળ ઉડી હશે તો હું માણસો મોકલીને સાફ કરાવી આપીશ.

આ સાંભળી ભીમજીભાઇ સગપરીયાના પત્નિ ઉશ્કેરાઇ ગયા હતા અને કામ બંધ કરી નાખો, નહીતર તમારા ટાંટિયા ભાંગી નાખશું તેવી ધમકી આપી હતી. ત્યારબાદ અક્ષય જોશી અને મોહિત સાપરીયા નામના શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. તેઓએ પણ ઉગ્ર થઈને કન્સ્ટ્રક્શન સાઇટ બંધ કરવા દબાણ કર્યું હતું અને જો બોર બનાવવાનું કામ ચાલુ રાખશો તો તમે ઘરે જીવતા પાછા નહીં જઈ શકો તેવી ધમકી આપી હતી.જ્યારે કિશોરભાઇ માથાકુટ કરી રહેલા અક્ષય જોશીને સમજાવવા ગયા ત્યારે અક્ષયએ તેમની સાથે ઝગડો કરી ઝપાઝપી કરી હતી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. આસપાસના લોકો એકઠા થઈ જતા આ બધા ત્યાંથી ભાગવા લાગ્યા હતા. જતી વખતે જય પટેલના પત્નિએ પણ ફરીવાર કામ ચાલુ કરશો તો જોવા જેવી થશ તેવી ધમકી આપી હતી. આ બનાવથી ગભરાઇ ગયેલા પિતા-પુત્ર તાત્કાલિક પોલીસ સ્ટેશને જઈ શક્યા નહોતા. બાદમા સોહમભાઇએ આજીડેમ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવતાં પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. અજયસિંહ ગોહિલે ફરિયાદ નોંધી હતી.

આજીડેમ ચોકડીથી ખોખડદડ પૂલ તરફના સર્વિસ રોડ પર બનાવ

કારખાનેદારનું હિટ એન્ડ રનમાં મૃત્યુ

રાજકોટઃ વધુ એક વખત હિટ એન્ડ રનના બનાવમાં એક પરિવારના મોભીનો જીવ ગયો હતો. આજીડેમ ચોકડીથી ખોખડદળ તરફના સર્વિસ રોડ પર સાંજે વોકીંગ કરવા નીકળેલા કારખાનેદારનું 'હિટ એન્ડ રન'ના બનાવમાં મૃત્યુ થયું છે. આ બનાવને પગલે કોઠારીયા રોડ ન્યુ સુભાષનગરના પટેલ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકની શોધખોળ હાથ ધરી હતી. કોઠારીયા રોડ નંદા હોલ પાસે ન્યુ સુભાષનગર-૬માં રહેતાં સુરેશભાઇ ખોડાભાઇ નોંધણવદરા નામના અઠાવન વર્ષના કારખાનેદાર સાંજે છએક વાચ્યે આજીડેમ ચોકડી પાસે આવેલા પોતાના કારખાને હતાં ત્યાંથી વોકીંગ કરવા માટે નીકળ્યા હતાં. તેઓ ચોકડીથી ખોખડદળ તરફના સર્વિસ રોડ પર ચાલીને જઇ રહ્યા હતાં તે વખતે કોઇ અજાણ્યો વાહન ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. અકસ્માતમાં સુરેશભાઇ રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી અને તેમના કારખાને પણ જાણ કરી હતી. સુરેશભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો છે. મોભીના મૃત્યુથી પટેલ પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા વાહનચાલકને પોલીસ શોધી રહી છે.

કુટુંબી મામીને ક્વાર્ટર લાગતાં જોવા ગયા અને ત્યાં હાજર ગઠીયાની જાળમાં ફસાયા

ફર્નિચરના કારીગરની કારીગીરી : દંપતિને છેતર્યું

રેલનગરના દંપતિને લોકસેવક જનક ટાઉનશીપમાં ક્વાર્ટર અપાવી દેવાના નામે કાલાવડનો મિસ્ત્રી એક લાખ પાંત્રીસ હજારનો ગરીયો ફેરવી ગયોઃ પોતાના હસ્તક છ ક્વાર્ટર છે, અધિકારી ઓળખે છે એવા બણગા ફુંકી ખેલ પાડ્યો

રાજકોટ તા. ૨૩

આવ તારૂ કરી નાંખુ...આ સુત્રને મગજમાં રાખીને ગામના ગરીયા ફેરવી પોતાના ગજવા ભરતાં હોય એવા લેભાગુઓ ગામે ગામ વસવાટ કરતાં હોય છે. તે ક્યારે પોતાની જાળમાં શિકાર ફસાવી લે તેની કોઇને ખબર હોતી નથી. આવી જ વધુ એક ઠગાઇ રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમં થઇ છે. અહિ હેડગેવાર ટાઉનશીપમાં રહેતાં દંપતિને પોપટપરામાં નવી બનેલી લોકસેવક જનક ટાઉનશીપમાં ક્વાર્ટર અપાવી દેવાના નામે કાલાવડના બાવા ખાખરી ગામના ફર્નિચરના કારીગરે છેતરી લઇ ઠગાઇ કરી લીધી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં પ્ર.નગર પોલીસે રેલનગર હેડગેવાર ટાઉનશીપ બી-૨૦૩ શાંતિવન સોસાયટીની સામે રહેતાં નાજીમાબેન સોહિલભાઇ શાહમદાર નામના ઓગણત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી કાલાવડના બાવાખાખરી ગામના દિલીપ ઉર્ફે કિરીટ કાંતિલાલ વડગામા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. નાજીમાબેન પરિવાર સાથે રહે છે. તેના પતિ ફેબ્રીકેશનનું કામ કરે છે. તેણીના કૌટુંબીક મામી ખાતુનબેન આરીફભાઇ શેખ રેલનગરમાં સ્મશાન સામે નવા બનેલા જનસેવક જનક ટાઉનશીપમાં આવાસ ક્વાર્ટરમાં રહે છે.

નાજીમાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે મારા કુટુંબી મામીને ક્વાર્ટર મળ્યું હોઇ તે જોવા એકાદ મહિના પહેલા હું અને મારા પીત ગયા હતાં. ત્યારે મામીના ક્વાર્ટરમાં ફર્નિચરનું કામ ચાલુ હોઇ આ કામ કરી રહેલા કાલાવડના બાવા ખાખરીયાના દિલીપ ઉર્ફે કિરીટ કાંતિલાલ વડગામા સાથે અમારી મુલાકાત થઇ હતી. આ વખતે મારા મામીએ મને કહ્યું હતું કે આ ક્વાર્ટર મને મહાનગર પાલિકામાં અગાઉ ફોર્મ ભર્યું હતું તેમાંથી લાગ્યું છે. મેં એક લાખ રોકડા ભર્યા છે અને સાડા ચાર લાખ રૂપિયાની લોન કરાવી છે. આથી મેં મારા મામીને કહેલું કે અહિ આવુ કોઇ ક્વાર્ટર હોય તો મારે



પણ લેવું, ક્વાર્ટર કઇ રીતે મળે? ત્યારે ફર્નિચર કામના કારીગર દિલીપે કહેલું કે-મારા હસ્તકમાં આ ટાઉનશીપમાં ૧૨ ક્વાર્ટર છે. આ ક્વાર્ટર ફાળવતા અધિકારી મારા કોન્ટેક્ટમાં છે, તેમાંથી હું તમને એક અપાવી શકું. પણ અત્યારે તમારે ત્રણ લાખ રોકડા આપવા પડશે,

તેમજ દિલીપે એવુ પણ કહેલું કે આ ત્રણ લાખની લોન પણ કરાવી દઇશ અને તમને ફર્નિચરવાળા ક્વાર્ટર છ લાખમાં અપાવીશ. આ વાત સાંભળી અમને દિલીપ પર વિશ્વાસ બેઠો હતો. આથી મેં અને મારા પતિએ દિલીપને રૂપિયા આપવાની હા પાડી હતી. બાદ તા. ૨૩/૮ના રોજ દિલીપ અમારા ઘરે આવ્યો હતો અને ક્વાર્ટર બાબતે મારા પતિને સમજાવ્યા હતાં. તેમજ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતાં મારા પતિએ એટીએમમાંથી રૂા. ૬૫ હજાર ઉપાડીને પોપટપરા સ્મશાન પાસે આપ્યા હતાં.

આ રકમ લઇ દિલીપ ઇકો ગાડી જીજે૩૬એઆર-૨૪૬૪માં લઇને જતો રહ્યો હતો. ત્યારબાદ દિલીણને વધુ રૂા. ૩૫ હજાર, ૩૧/૮ના રોજ બીજા ૩૫ હજાર મળી કુલ રૂા. ૧,૩૫,૦૦૦ આપ્યા હતાં. આ પછી બાકીની રકમ લેવા દિલીપ અમારા ઘરે બે ત્રણ વખત આવ્યો હતો. પરંતુ અમે ક્વાર્ટર મળે પછી બાકીની રકમ આપશું તેમ કહ્યું હતું. જેથી દિલીપે મારુ, મારા પતિનું આધાર કાર્ડ અને આઇટી રીટર્ન માંગ્યા હતાં. અમારી પાસે આઇટી રીટર્ન ન હોઇ દિલીપે કાલાવડ રોડ પ્રેમ મંદિર પાસે પ્રાઇડ યુનિવર્સલ બિલ્ડીંગમાં આવેલી અમિતભાઇની ઓફિસે અમને લઇ જઇ આઇટી રીટર્ન ભરાવ્યા હતાં.

આ પછી અમે દિલીપને ક્વાર્ટર માટે વારંવાર ફોન કરતાં હતાં. પરંતુ તે ગોળ ગોળ જવાબ આપતો હતો. તમારા ક્વાર્ટરની પ્રોસેસ ચાલુ છે, દસ્તાવેજ થઇ ગયો છે, થોડા સમયમાં મળી જશે તેમ કહેતો હતો. પણ હવે દિલીપ ફોન ઉપાડતો ન હોઇ શંકા જતાં તપાસ કરતાં તેણે છેતરપીંડી કર્યાની ખબર પડી હતી. પ્રદ્યુમનનગરના પોલીસ ઇન્સપેકટર એમ. ડી. મકવાણાના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. કે. વાળાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

ડીજીટલ ફ્રોડની દુનિયામાં નવા કિસ્સા સામેલ થઇ ગયાઃ લાલચની જાળમાં બે ફસાયા

ગ્રુપમાં એડ કરી ૨૭.૩ લાખ ઉસેડ્યા

યુવાનને ફેસબૂક મારફત મિત્ર બનાવી ટ્રેડીંગ એપમાં રોકાણના નામે છેતરી લેવાયોઃ બીજી ઘટનામાં વૃધ્ધે ઇન્સ્ટાગ્રામની રીલ જોઇ જુના સિક્કા વેંચવા કાઢતાં ગઠીયાઓ દઇ ગયા તેર લાખ વીસ હજારનો ડામ

રાજકોટ તા. ૨૩

રોજબરોજ બની રહેલી ફ્રોડની ઘટનાઓ વચ્ચે વધુ બે ઘટનામાં બે લોકોએ લાખો ગુમાવી દીધા હતાં. જેમાં એક યુવાનને શેર બજાર આઇપીઓમાં કામણી કરાવી દેવાની લાલચ આપી સત્યાવીસ લાખ આડત્રીસ હજારનો ડામ દઇ દેવાયો હતો. તો બીજા બનાવમાં એક વયોવૃધ્ધ આર્કિટેક સાથે જુના સિક્કા ઉંચી કીમતે વેંચાવી આપવાના નામે તેર લાખ વીસ હજારની ઠગાઇ થઇ હતી. આ રીતે ગઠીયાઓ બંને કિસ્સામાં મળી ચાલીસ લાખ અઠાવન હજારનો ચૂનો લગાવી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ફ્રોડની આ ઘટનાઓ સુરતમાં બની હતી. આ બંને ડીજીટલ ફ્રોડની ઘટના હતી. ચા વળતરની લાલચ આપી સાયબર ઠગોએ લાખો રૂપિયા પડાવી લીધા હતાં. પ્રથમ બનાવમાં મોટા વરાછાના સત્યાવીસ વર્ષીય યુવકને શેરબજાર અને આઈપીઓમાં મોટો નફો કમાવવાની લાલચ આપી ૨૭.૩૮ લાખ પડાવી લેવાયા હતા. જ્યારે બીજા કિસ્સામાં ઘોડદોડ રોડ ખાતે રહેતા બોંતેર વર્ષીય આર્કિટેક્ટને જૂના સિક્કા ચી કિંમતે વેચવાના બહાને જુદા જુદા ચાર્જીસ પેટે ૧૩.૨૦ લાખની ચપત લગાવાઈ હતી. આ બંને ગુનાઓમાં ભોગ બનનારાઓએ કુલ ૪૦.૫૮ લાખથી વધુની રકમ ગુમાવતા સુરત સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર પ્રથમ ફ્રોડમાં મોટા વરાછાની અંબિકા નિકેતન રેસિડેન્સીમાં રહેતા અને અડાજણમાં શેર ટ્રેડિંગ કરતા સત્યાવીસ વર્ષીય મીત વિનોદભાઈ માંકડિયાના પિતાએ ફેસબુક પર એચએસબીસી કો-ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામની જાહેરાત જોઈ હતી. ત્યારબાદ મીતને વોટ્સએપ ગ્રૂપમાં જોડી અનન્યા અને અમિતાભ સુરેન્દ્ર મલ્હોત્રા નામના ઠગોએ એચબી અલ્ટ્રો નામની નકલી ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. એપમાં વર્ચ્યુઅલ નફો બતાવી વિશ્વાસ કેળવ્યા બાદ યુવક પાસેથી વિવિધ બેંક ખાતાઓમાં પૈસા જમા કરાવાયા હતા.

આ પછી રકમ ઉપાડવા જતાં સેબીના નામે ફેક પત્ર બતાવી પંદર ટકા સર્વિસ



ચાર્જ પેટે ૪.૪૩ લાખ અને જિન્દલ સુપ્રીમ ઇન્ડિયા લિમિટેડના આઇપીઓમાં નાણાં બ્લોક હોવાનું જણાવી વધુ ૧૬.૦૧ લાખ પડાવી લીધા હતા. આમ આ યુવાન સાથે રોકાણ પર નફાની લાલચ આપી ગઠીયાઓ સત્યાવીસ લાખ સાડત્રીસ હજાર રૂપિયા ઉસેડી ગયા હતાં.

બીજી ઘટના જોઇએ તો ઘોડદોડ રોડ પર નીલમ હાઉસમાં રહેતા ૭૨ વર્ષીય આર્કિટેક્ટ કાંકરેચાભાઈ દેસાઈ જૂના સિક્કા ભેગા કરવાનો શોખ ધરાવે છે. તેમણે ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર જૂના સિક્કા ચી કિંમતે વેચવાની જાહેરાત જોઈ તેના પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ રાજ રૂપાલ નામના વ્યક્તિ સાથે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી અને સિક્કાના કરોડો રૂપિયા અપાવવાની લાલચ અપાઈ હતી. ઠગોએ ગુજરાત મહેસૂલ વિભાગ, સુરત કલેક્ટર કચેરી અને હૈદરાબાદની ઓલ્ડ કોઈન કંપની લિમિટેડના બનાવટી પત્રો મોકલી વિશ્વાસ અપાવ્યો હતો.

ત્યારબાદ રજિસ્ટ્રેશન ફી, જીએસટી, ટીડીએસ, આરબીઆઇના નકલી લેટરના નામે ક્યુઆર કોડ તથા યુપીઆઇ મારફતે કુલ ૧૩,૨૦,૫૮૮ પડાવી લીધા હતા. બંને કિસ્સાઓની મોડસ ઓપરેન્ડી તપાસતા સામે આવ્યું છે કે સાયબર ઠગો સરકારી કે નિયમનકારી પ્રતિષ્ઠિત સંસ્થાઓના નામે ફેક દસ્તાવેજો બનાવી લોકોનો વિશ્વાસ જીતે છે. શેર ટ્રેડિંગના કૌભાંડમાં સેબીના નામે ફેક લેટર અને ચાર્જ સ્લિપ ભી કરવામાં આવી હતી, જ્યારે સિક્કા કૌભાંડમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અને સુરત કલેક્ટર કચેરીના નકલી લેટરપેડનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો.

બંને કિસ્સામાં પીડિત જ્યારે પોતાના જમા કરાવેલા પૈસા પાછા માંગવા જાય ત્યારે વધારાની પ્રોસેસિંગ ફી, પેનલ્ટી કે સરકારી ટેક્સ ભરવાનું કહીને માનસિક દબાણ બનાવી વધુ રકમ પડાવવાની એકસરખી પદ્ધતિ અજમાવવામાં આવી હતી. હાલ સુરત સાયબર ક્રાઈમ પોલીસે આઈટી એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓના બેંક એકાઉન્ટ્સ, વોટ્સએપ નંબરો અને આઈપી એડ્રેસ ટ્રેસ કરવાની તજવીજ હાથ ધરી હતી.

સાયબર સેલે નાગરિકોને અપીલ કરી છે કે સોશિયલ મીડિયા પર દેખાતી અજાણી જાહેરાતો, અજાણી એપ્લિકેશન્સ કે વોટ્સએપ ગ્રૂપમાં શેર રોકાણ કરવું નહીં. આ ઉપરાંત જૂના સિક્કા કે કરન્સી નોટોના ખરીદ-વેચાણ અંગે સરકાર કે આરબીઆઇ કોઈ મંજૂરી આપતી નથી કે ચાર્જ વસૂલતી નથી. જો કોઈ આવી છેતરપિંડીનો ભોગ બને તો તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો. જો કે સતત પોલીસ લોકોને આવા ફ્રોડથી બચવા જાગૃત કરતી રહે છે આમ છતાં લોકો જાગૃત થઇ રહ્યા નથી અને તેનો સીધો લાભ સાયબર ગઠીયાઓ ઉઠાવી રહ્યા છે અને રોજબરોજ હજારોથી માંડી લાખો કરોડોની છેતરપીંડી ઓનલાઇન માધ્યમથી કરી રહ્યા છે. જેમાં આ વધુ બે કિસ્સા સામેલ થઇ ગયા હતાં.

જુની અદાવતને લીધે મહિલાના ઘર બહાર બાઇક સળગાવાયું

બીજા દિવસે કેમેરો તોડી ગયોઃ પોલીસની કાર્યવાહી

રાજકોટ તા. ૨૩

જુની અદાવતને કારણે એક શખ્સે પોતે જે યુવતિની સાથે રહે છે એ યુવતિના માતાના ઘર પાસે જઇ ઘર બહાર રખાયેલુ બાઇક સળગાવી દીધુ હતું. તેમજ બીજા દિવસે ફરી વાર આવી સીસીટીવી કેમેરો તોડી નાંખ્યો હતો. દોઢસો ફુટ રીંગ રોડ રામાપીર ચોકડી ધરમનગર ક્વાર્ટરમાં આ ઘટના બની હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં ગાંધીગ્રામ રામાપીર ચોકડી નજીક ધરમનગર આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નં. ૧૧ રૂમ નં. ૩૦૫માં રહેતાં મુમતાઝબાનુ આશિષભાઇ જેસ્વાલ નામના પંચાવન વર્ષના મહિલાની ફરિયાદ પરથી અનિરૂધ્ધસિંહ ઉર્ફે કાનો વાઘેલા વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે. મુમતાઝબેન જેસ્વાલ પતિ સાથે રહે છે. તેના પહેલા નિકાહ મહેબુબખાન પઠાણ સાથે થયા હતાં. સંતાનમાં બે દિકરી છે. જેમાં મોટી રૂબીનાના લગ્ન નાણાવટી ચોકના ઇરફાન ચાનીયા સાથે થયા હતાં. પણ બંનેને ભળતું ન હોઇ રૂબીના હાલ ધરમનગર આવાસ બ્લોક નં. ૧૫માં રહેતાં અનિરૂધ્ધસિંહ વાઘેલા સાથે રહે છે.

નાની દિકરી અમદાવાદ સાસરે છે. પતિ મહેબૂબખાન કોરોનામાં અવસાન પામ્યા હોઇ બીજા લગ્ન આશિષભાઇ નરેન્દ્રસિંહ જેસ્વાલ સાથે કર્યા છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ મુમતાઝબેનના પતિના મિત્ર સુરેશભાઈ બહારગામ જતા હોઇ તેઓનું હોન્ડા જીજે૦૩જેડી-૧૪૮૦ સાચવવા માટ આપ્યું હતું.. ૨૦મીના રાત્રે પોણા નવેક વાગ્યા આસપાસે મુમતાઝબાનું ઘરકામ કરતા હતા ત્યારે અચાનક પતિ ઘરનો દરવાજો ખોલી બહાર જતાં તેઓ પણ પાછળ દોડી ગયા હતા. બહાર જઈને જોતાં પતિના મિત્ર સુરેશભાઈનું મોટરસાયકલ સળગી રહ્યું હતું, જેથી બંને જણાએ તુરંત પાણી નાખી આગ ઓલવી હતી.આશિષભાઇ ઘરમાં બેસી મોબાઇલ ફોનમાં સીસીટીવી કેમેરાના ફટેજ જોતાં હતાં ત્યારે અનિરૂધ્ધસિંહ ઉર્ફે કાનો આવી બાઇકમાં આગ લગાડી ભાગી જતો દેખાયો હતો.

આથી પોતે તુરત બહાર આવ્યા હતાં. પણ કાનો ભાગી ગયો હતો. આ બનાવ બાદ બીજા દિવસે ૨૧મીન રાત્રે મુમતાઝબાનું અને તેમના પતિ બહાર ગયા હતા. ત્યારબાદ મોડી રાત્રે પોણા બારેક વાગ્યા આસપાસ અનિરૂધ્ધસિંહ ફરીથી આવ્યો હતો અને મુમતાઝબાનુના ઘર બહાર લગાડેલો ૧૦ હજારનો સીસીટીવી કેમેરો તોડી નાંખ્યો હતો. બીજા દિવસે સવારે પરત આવી તપાસ કરતા કેમેરો તૂટેલી હાલતમાં મળ્યો હતો અને ફૂટેજ તપાસતા કાનાની હરકત સામે આવી હતી. આમ તેણે બાઇક સળગવી, કેમેરો તોડી નાંખી પંદર હજારનું નુકસાન કર્યુ હતું. જુની વાતની અદાવત રાખી તેણે આ નુકસાની પહોંચાડી હતી. તેમ મુમતાઝબાનુએ કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ કાર્યવાહી કરી હતી.

હત્યાના ગુનામાં ત્રીસ વર્ષ જેલમાં રહ્યો, ચાર મહિના પહેલા છુટ્યો અને હવે માદક દ્રવ્યના ધંધે લાગ્યો

રાજસ્થાનથી MD લાવ્યા વેંચે એ પહેલા બે ઝડપાયા

એન્ટી નારકોટીક વિંગના બી. બી. જાડેજા, વી. વી. ધ્રાંગુની ટીમે જંગલેશ્વરના અસલમ અને ગઢડા સ્વામિનાના સાહિલને લાખાપર પાસે દબોચ્યાઃ રાજસ્થાનના રાજારામનું નામ ખુલ્યું

રાજકોટ તા. ૨૩

શહેરમાં દારૂની જેમ જ ડ્રગ્સ એટલે કે માદક પદાર્થના બંધાણીઓ પણ વધી ગયા હોઇ આ દુષણને ડામવા ખાસ એન્ટી નારકોટીક વિંગની રચના કરવામાં આવી છે. એસઓજી, શહેર પોલીસની ટીમો અને એન્ટી નારકોટીક વિંગ દ્વારા સતત આવા પદાર્થની હેરાફેરી કરનારાઓને શોધી કાઢી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જંગલેશ્વર અને ગઢડા સ્વામિના ગામના બે શખ્સોને લાખાપર ગામ પાસેથી કારમાં માદક પદાર્થ એમડી સાથે દબોચી લેવાયા હતાં. આ બંને રાજસ્થાનના શખ્સ પાસેથી આ પદાર્થ લાવ્યાનું કબુલતાં હોઇ તેની પણ શોધખોળ શરૂ થઇ છે.

વિગતો જોઇએ તો શહેરની એન્ટી નારકોટીક્સ વિંગની ટીમે રાજકોટ ભાવનગર હાઇવે પરના લાખાપર ગામ નજીકથી કારમાં રાજકોટ જંગલેશ્વર અને ગઢડા સ્વામિના ગામના બે શખ્સને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતાં. આ બંને રાજસ્થાનથી જેની પાસેથી આ માદક પદાર્થ લાવ્યા તેનું પણ નામ ખુલ્યું હતું. ત્રીસ વર્ષથી હત્યાના ગુનામાં જેલમાં રહેલો જંગલેશ્વરનો શખ્સ થોડા મહિના પહેલા જ છુટ્યો છે. એ સાથે જ તેણે માદક પદાર્થની ખેપ મારી હતી. પણ વેંચાણ કરે એ પહેલા પકડાઇ ગયા છે.'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની સુચના અપાઇ હોઇ તે અન્વયે એન્ટી નાર્કોટિક્સ વિંગના પોલીસ ઈન્સપેક્ટર બી.બી. જાડેજાની રાહબરીમાં તથા પીએસઆઇ વી.વી.ધ્રાંગુની ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયા ટીમને સંયુક્ત બાતમી મળેલ કે બ્લુ કલરની બલેનો કાર નં. જીજે૩૩કે-૦૪૯૯ માં બે શખ્સો માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે ભાવનગર રોડ ઉપરથી રાજકોટ તરફ આવવાના છે. જેને આધારે પોલીસે ભાવનગર મેઈન રોડ ઉપર લાખાપર ગામ પાસે આવેલ જે.કે. પેટ્રોલીયમ પંપ પાસે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર નીકળતા જ તેને કોર્ડન કરી અટકાવી હતી. કારમાં બેઠેલ બંને શખ્સોની તલાશી લેતા તેમની પાસેથી ૧૯ ગ્રામ માદક પદાર્થ મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ મળી આવતા રાજકોટ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર કરાવાયો હતો. ઝડપાયેલા બંનેએ પોતાના નામ અસલમ ઈબ્રાહીમભાઈ બેલીમ અને સાહીલ રહેમાનભાઈ ખોખર જણાવ્યા હતાં. અસલમ પંચાવન વર્ષનો છે અને જંગલેશ્વર શેરી નં.૨૮, તવક્કલ ચોક, રાજકોટ ખાતે રહે છે. જ્યારે સાહિલ છવ્વીસ વર્ષનો છે અને ઢસા રોડ, માર્કેટીંગ યાર્ડની બાજુમાં, મફતીયાપરા, સ્વામીના ગઢડા, જી. બોટાદ ખાતે રહે છે.



બંનેની પુછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે આ ડ્રગ્સનો જથ્થો સાંચોર, રાજસ્થાનના રાજારામ નામના શખ્સ પાસેથી લાવવામાં આવ્યો હતો. ઝડપાયેલ અસલમ સામે વર્ષ ૧૯૯૭માં ભક્તિનગર પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. ત્રીસ વર્ષ જેલમાં રહ્યા બાદ ચારેક મહિના પહેલા જ તે જેલમાંથી છુટ્યો હતો. ગઢડાના સાહિલે કારની અને પૈસાની ગોઠવણ કરી દેતાં તેને લઇ પોતે રાજસ્થાન ગયો હતો. જ્યાંથી બંને એમડી લઇને રાજકોટ આવવા નીકળ્યા હતાં. પણ પકડાઇ ગયા હતાં. પોલીસે કુલ રૂ. ૬,૧૮,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં રૂ. ૫૭,૦૦૦ની કિંમતનું ૧૯.૦૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, રૂ. ૧૦,૦૦૦નો મોબાઈલ, રૂ. ૫૦૦નો અન્ય એક મોબાઈલ તથા ૫૦,૦૦૦નો એપલ મોબાઈલ અને પાંચ લાખની કાર બલેનો કાર તથા રૂા. ૬૦૦ રોકડા સામેલ છે.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિકની સુચના અંતર્ગત પીઆઇ બી. બી. જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, એએસઆઇ ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોઝભાઈ રાઠોડ, હેડકોન્સ. મૌલિકભાઈ સાવલીયા, હાર્દિકસિંહ પરમાર, દિગ્વિજયસિંહ ગોહિલ, કોન્સ. યોગેન્દ્રસિંહ ઝાલા તથા ડ્રાઈવર લોકરક્ષક નરેશભાઈ બારૈયાની ટીમે કરી હતી. માદક પદાર્થનું પ્રાથમિક પરિક્ષણ એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાએ કર્યુ હતું. અમદાવાદ પોલીસે પચ્ચીસ કરોડના માદક પદાર્થ સાથે દિલ્હીના ત્રણને પકડ્યા છે. તેમાં રાજકોટ કનેકશન ખુલ્યું છે અને કોઇ અસમલ સામેલ હોવાની ચર્ચા છે. ત્યારે આ એમડી સાથે ઝડપાયેલા અસલમની સંડોવણી નથી ને? તેની તપાસ પણ થઇ રહી છે. જો કે પ્રાથમિક પુછતાછમાં તેણે પોતાને અમદાવાદના કરોડના માદક પદાર્થ સાથે કોઇ કનેકશન નહિ હોવાનું કહ્યું હતું. આમ છતાં નામ ભળતું હોઇ પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.

દેશી-વિદેશીના ધંધાર્થીઓ પર પીસીબીની ધોંસ યથાવત : વધુ બે સફળ દરોડા

વ્હીસ્કી ભરેલી કાર સાથે જગો ઝડપાયો

કાળીપાટ પાસેથી પકડી લેવાયોઃ બીજી તરફ મવડીના મારૂતિનંદનનગરમાં ઘરમાં મશીનથી દેશી દારૂના ચપટા તૈયાર થતાં હતાંઃ એક પકડાયો, બીજાનું નામ ખુલ્યું

રાજકોટ, તા. ૨૩

દારૂના ધંધાર્થીઓ પર પોલીસની ધોંસ યથાવત રહી છે. વિદેશીની સાથે સાથે દેશી દારૂની હેરાફેરી ડામવા પણ પોલીસ કાર્યવાહી કરી રહી છે. એક તરફ પીસીબીની ટીમે કાળીપાટ નજીક વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર સાથે શાપરના શખ્સને પકડી લીધો હતો. તો બીજી તરફ મવડી રોડ પરની મારૂતિનંદનનગર સોસાયટીમાં ઘરમાં મશીન મારફત દેશી દારૂના ચપટા-કોથળીઓ તૈયાર કરી વેંચી રહેલા શખ્સને પકડી લીધો હતો. આ દેશી દારૂ વેંચાણમાં સુત્રધાર તરીકે એકનું નામ ખુલતાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વિદેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસે ફરી ધોંસ બોલાવવાનું ચાલુ કર્યુ છે. પીસીબીની ટીમે વધુ એક દરોડામાં જથ્થા સાથે શાપરના શખ્સને પકડી લીધો હતો. કારમાં રૂા. ૧,૧૯૪૨૪નો દારૂ ભરી સરધાર તરફથી તે નીકળ્યો હતો અને પકડાઇ ગયો હતો.દારૂની પ્રવૃતિ નાબુદ કરવાની સુચના અંતર્ગત પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મહિપાલસિંહ ઝાલા, એએસઆઇ અનિલભાઇ સોનારા, હેડકોન્સ. હરદેવસિંહ રાણા, કોન્સ. હરપાલસિંહ જોડેજાને બાતમી મળી હતી કે સરધાર તરફથી એક દારૂ ભરેલી કાર આવી રહી છે. જેના આધારે કાળીપાટ ગામના બાયપાસ પર હીંગળાજ હોટેલ પાસે વોચ રાખવામાં આવી હતી.

ત્યારબાદ બાતમી મુજબની અલ્ટો કાર જીજે૩૫એ-૫૫૬૧ આવી હતી. જેને આંતરીને તલાશી લેતાં અંદરથી રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૮૦ એમએલની રૂા. ૧,૧૯,૪૨૪ની ૩૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે કારના ચાલક જગદીશ ઉર્ફે જગો પાલજીભાઇ રાઠોડ (શાપર શીતળા માતાના માંદિર પાસે, જીઇબી પાછળ) સામે ગુનો નોંધી ધરપકડ કરી દારૂ અને બે લાખની કાર કબ્જે કરી તે દારૂ કોની પાસેથી લાવ્યો તેની તપાસ હાથ ધરી છે. જો કે તેણે રટણ કર્યુ હતું કે દારૂ મંગાવનારા અને મોકલનારાને પોતે જાણતો નથી, પોતે માત્ર ડ્રાઇવર તરીકે ફેરો કરવા આવ્યો હતો. પોલીસે તેની વધુ પુછપરછ યથાવત રાખી હતી.

બીજી તરફ શહેરમાં પોલીસ દેશી તેમજ વિદેશી દારૂની બદ્દી ડામવા સતત દરોડા પાડી રહી છે. વિદેશીની સાથે સાથે દેશી દારૂના ધંધાર્થીઓ



પણ બેફામ બન્યા છે. આ દરમિયાન મવડી રોડ મારૂતિનંદનનગરમાં એક શખ્સે ઘરમાં દેશી દારૂની કોથળીઓ પેક કરવા ખાસ મશીનનો ઉપયોગ શરૂ કર્યો હતો. પાણીના પાઉચ બનાવવાના મશીનમાં પાણીની જગ્યાએ દેશી દારૂ નાંખી દારૂના પાઉચ બનાવવામાં આવી રહ્યા હતાં. પીસીબીએ દરોડો પાડી એકને પકડી લીધો, સુત્રધારનું નામ ખુલ્યું હતું. પીસીબીની ટીમ દારૂના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. હિરેન્દ્રસિંહ અને દેવરાજભાઇને બાતમી મળી હતી.

આ બાતમી એવી હતી કે મવડી રોડ મારૂતિનંદનનગર શેરી નં. ૪માં આવેલા મકાનમાં એક મશીનથી દેશી દારૂના પાઉચ પેક કરી વેંચાણ થાય છે. પોલીસે દરોડો પાડતાં આ બાતમી સાચી ઠરી હતી. પાણીના પાઉચના મશીનનો ઉપયોગ કરી દારૂના પાઉચ બનાવવામાં આવી રહ્યા હતા. પોલીસે અહિ હાજર મહેન્દ્ર વિજયભાઇ ઉકડીયા (મારૂતિનંદનનગર-૨)ને પકડી લીધો હતો. તેની પુછતાછ થતાં યોગીરાજસિંહ ગોહિલના કહેવાથી પોતે આ પાઉચ બનાવી રહ્યાનું કબુલતાં આ શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. અલગ અલગ ધંધાર્થીઓ પોતાના ધંધાને જોમમાં લાવવા અને આગળ વધારવા નવુ નવુ કરતાં હોય છે. સમયની સાથે તાલ મીલાવી આગળ વધતાં હોય છે. તેમ હવે દેશી દારૂના ધંધામાં પણ ધંધાર્થીઓ આગળ વધી ગયા છે અને દારૂના બુંગીયા બનાવવા મશીનનો ઉપયોગ કરતાં થઇ ગયા છે.

પોલીસે મશીનથી બનાવાયેલા દેશી દારૂના પાઉચમાંથી તેમજ અલગથી મળી રૂા. ૪૫ હજારનો ૨૨૫ લીટર દેશી દારૂ, રૂા. ૧,૫૦,૦૦૦નું કોથળીના પાઉચ બનાવવાનું મશીન, પાઉચ બનાવવા માટેના પ્લાસ્ટીકના રોલ ૯ નંગ કબ્જે કર્યા હતાં. દેશી વિદેશી બંને દારૂ પકડવાની આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઈ સોનારા, હેડકોનસ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીયા, વાલજીભાઈ જડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે, હરપાલસિંહ જાડેજા તથા ડ્રા. હેડકોન્સ. જયેશભાઈ ગઢવીએ કરી હતી.

પાંચ વર્ષમાં અઢી લાખ લોકોએ પાંત્રીસસો કરોડ ગુમાવ્યાઃ તેમાં ચાલીસ ટકા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ગયા

વેપારી નફો લેવા જતાં અડધો કરોડનો ચૂનો

ઈન્સ્ટાગ્રામ રીલ જોઈ ગ્રુપમાં એડ થયાઃ પાંચ હજારના રોકાણ પર તુરંત એક હજાર નફો મળ્યોઃ પછી સતાવન લાખનું રોકાણ કર્યું : તેની સામે એક કરોડનો નફો બતાવાયોઃ પણ એક રૂપિયોય ઉપાડી ન શક્યા : બીજી ઘટનામાં કારખાનેદારો સાથે સવા ચાર લાખની છેતરપીંડી

રાજકોટ તા. ૨૩

સાયબર ગઠીયાઓ અને ઓફલાઈન એટલે કે રૂબરૂમાં આવીને ઠગાઇ કરનારા ગઠીયાઓ શેર બજારમાં કમાણી કરાવી આપવાના નામે સતત ફ્રોડ આચરતા જ રહે છે. વધુ એક આવા કિસ્સામાં એક વેપારી શેર બજારમાં કમાઈ લેવા જતાં સતાવન લાખ ગુમાવી દીધા હતાં. શરૂઆતમાં પાંચ હજારના રોકાણ પર તુરત જ એક હજાર નફો અપાયો હતો. પછી ગઠીયાઓએ લાલચની એવી જાળ બીછાવી હતી કે વેપારીએ પાંત્રીસ દિવસના ગાળામાં જ અડધો કરોડથી વધુની રકમનું રોકાણ કરી દીધુ હતું. જેની સામે એક કરોડથી વધુનું બેલેન્સ બતાવતું હતું. જો કે છેલે તેને ફદીયુંય મળ્યું નહોતું.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ સેટેલાઈટ વાસુપૂજય બંગલોઝમાં રહેતા પલક શાહે ઈન્સ્ટાગ્રામ ઉપર ઈન્વેસ્ટમેન્ટ કંપનીની રિલ જોઈ હતી અને તેના ઉપર ક્લિક કરતા એક એપ્લિકેશન ઓપન થઈ હતી. ત્યારબાદ તેમને એક વોટ્સએપ ગ્રૂપમાં એડ કરીને શેરબજારમાં રોકાણ કરી વધારે નફાની ટિપ્સ અપાતી હતી. જ્યારે અન્ય મેમ્બરો તગડો નફો મળ્યો હોવાના સ્ક્રીન શોર્ટ ગ્રૂપમાં શેર કરતા હતા જેથી લાલચમાં આવીને પલક શાહે રૂપિયા પાંચ હજારનું રોકાણ કર્યુ હતું.

જેની સામે તેમને રૂપિયા એક હજાર નફો મળ્યો હતો. એ પછી ટુકડે ટુકડે રૂ.૫૭.૩૦ લાખનું રોકાણ કર્યુ હતું. જેની સામે એપમાં તેમને પ્રોફિટ સાથે રૂ.૧.૦૪ કરોડ બેલેન્સ દેખાતું હતું. તેમણે પૈસા વિડ્રો કરવા પ્રયાસ કરતા જુદા જુદા ટેક્સ અને ફી પેટે ગઠિયાઓએ ૩૦ ટકા રકમ ભરવા કહ્યું હતું. જેથી શંકા જતા તેમણે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. ગઠીયાઓએ અલગ અલગ ૧૦ ટ્રાન્ઝેક્શનથી પૈસા પડાવ્યા હતા. જેમાં એક જ દિવસમાં રૂ.૨૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

આ પછી એપ્લિકેશનમાં રૂ.૧ કરોડનો નફો બતાવીને પૈસા વિડ્રો કરવા દેવા ૩૦ ટકા કમિશન માંગતાં ભાંડો ફૂટ્યો



હતો. આ પ્રકારની ઠગાઈથી બચવા માટે કોઈપણ કંપનીમાં રોકાણ કરતાં પહેલા તે સેબી કે અધિકૃત સંસ્થામાં રજિસ્ટર્ડ છે કે નહીં તેની ખાતરી કરી લો. ટૂંકા સમયમાં મોટા કે ગેરંટીડ નફાની લાલચ આપનાર સ્કેમર્સ હોય છે; શેરબજાર જોખમી છે. સોશિયલ મીડિયાની લિંક કે એપીકે ફાઈલ ડાઉનલોડ કરવાને બદલે હંમેશા ઓથોરાઈઝ્ડ એપ સ્ટોર પરથી જ એપ ઈન્સ્ટોલ કરો.

તેમજ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે અધિકૃત બ્રોકર્સ ક્યારેય ત્રીજી વ્યક્તિ કે પર્સનલ/કરન્ટ બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવવાનું કહેતા નથી. નફો પાછો ખેંચવા માટે ૩૦ ટકા ટેક્સ કે કમિશન માગવામાં આવે તો સમજી લો કે તે ઠગાઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના અઢી લાખ લોકોએ રૂ.૩૫૦૦ કરોડ ગુમાવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર સાઇબર ફ્રોડમાં જેટલા પણ પૈસા ગયા હતા તેમાંથી સૌથી વધારે એટલે કે ૪૦ થી ૫૦ ટકા પૈસા તો માત્ર ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં જ જાય છે. આ ફ્રોડ તેનો વધુ એક પુરાવો છે. આ કિસ્સામાં વેપારીએ અડધો કરોડથી વધુની રકમ ગુમાવી દીધી હતી.

બીજી એક ઠગાઇ જોઇએ તો ગઢડાના લાખણકા ગામે હીરા કારખાનાના માલિકો રમેશભાઈ વાઘેલા અને રાજેશભાઈ કાસોદરીયા સાથે ૪.૩૯ લાખથી વધુની ઠગાઈ થઈ છે. ભાવનગરના ચોગઠના ધર્મેશ અને સુરેશ ડાભીએ પોતાની ઓળખ છુપાવી, હીરા ઘસવાની મજૂરીના પૈસા ન ચૂકવી જાનથી મારી નાખવાની ધમકી આપી. ગઢડા પોલીસે બંને ઠગ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના લાખણકા ગામમાં હીરાનું કારખાનું ચલાવતા રમેશભાઈ ભગવાનભાઈ વાઘેલા અને રાજેશભાઈ કાસોદરીયા સાથે રૂપિયા ૪.૩૯ લાખથી વધુની નાણાકીય છેતરપિંડી અને ઠગાઈનો કિસ્સો -કાશમાં આવ્યો છે. આ મામલે ભાવનગરના ચોગઠ ગામના બે શખ્સો સામે ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતી.

વધુ માહિતી અનુસાર ધર્મેશ હિંતભાઈ ડાભી અને સુરેશ ડાભી નામના શખ્સોએ પોતાની સાચી ઓળખ છુપાવી, પોતાને પટેલ તરીકે ઓળખાવી વિશ્વાસ કેળવ્યો હતો. તેમણે હીરા ઘસવાના મજૂરીકામ પેટે રૂ. ૨૩ પ્રતિ નંગ આપવાનું નક્કી કરી કારખાનેદારોને હીરા આપ્યા હતા.દરમિયાન રમેશભાઈ વાઘેલાના મજૂરીકામના રૂપિયા ૩,૧૮,૪૯૪ અને રાજેશભાઈ કાસોદરીયાના રૂપિયા ૧,૨૦,૬૧૨ મળીને કુલ રૂ. ૪,૩૯,૧૦૬ બાકી નીકળતા હતા. અવારનવાર ઉઘરાણી કરવા છતાં બંને શખ્સે બહાના બતાવી નાણાં ચૂકવ્યા ન હતા અને છેવટે હવે રૂપિયા માગશો તો જીવતા નહીં રહેવા દઈએ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે ગઢડા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બે બૂટલેગરને પાસા તળે અ'વાદ જેલમાં ધકેલતા પોલીસ કમિશનર

એક અઢાર ગુનામાં ને બીજો ચાર ગુનામાં સામેલ : PCBએ કરી વોરન્ટની બજવણી

રાજકોટ તા. ૨૩

ગુનેગારોને પાસા તળે જેલમાં ધકેલવાની ઝુંબેશ અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વધુ બે બૂટલેગરને પાસા તળે જેલમાં ધકેલી દીધા છે. આંબેડકરનગર અને મનહરપરાના આ શખ્સોને અમદાવાદ જેલહવાલે કરાયા છે. વિગતો જોઇએ તો પ્રકાશ સુરેશભાઇ રાઠોડ (રહે. આંબેડકરનગર-૩ આસ્થા ચોક પાસે, ૧૫૦ રીંગ રોડ) અને રવિ રમેશભાઇ માંડલીયા (રહે. મનહરપરા-૨, ભાવનગર રોડ)ને પાસા તળે જેલમાં ધકેલવાની દરખાસ્ત પીસીબીની ટીમે તૈયાર કરી હતી.

જેને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી બંનેને અમદાવાદ જેલહવાલે કરવા સુચના આપતાં વોરન્ટ બજવણી કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે પ્રકાશ વિરૂધ્ધ શહેરના ડીસીબી, તાલુકા, માલવીયાનગર, ગાંધીગ્રામ, આજીડેમ તેમજ જીલ્લાના લોધીકા પોલીસ સ્ટેશનમાં મળી દારૂના કુલ ૧૮ ગુના નોંધાઇ ચુક્યા છે. જ્યારે રવિ વિરૂધ્ધ થોરાળા, ડીસીબી, આજીડેમમાં ચાર ગુના છે. પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઈ સોનારા, હેડકોનસ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીયા, વાલજીભાઈ જડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે, હરપાલસિંહ જાડેજા તથા ડ્રા. હેડકોન્સ. જયેશભાઈ ગઢવીએ વોરન્ટ બજવણી કરી હતી.

પહેલા દોસ્તી કરી, પછી પ્રેમના ગાણા ગાયા, લગ્નની લાલચ દઇ અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યા

બે વર્ષ દેહ પીંખ્યા પછી કહ્યું લગ્ન નહિ થાય!


લવ સેક્સ ધોખાનો ભોગ બનેલી સગીરાની પોલીસ ફરિયાદઃ બીજી ઘટનામાં યુવતિને રસ્તે રોકી ધરાર મિત્રતા રાખવા કહ્યું, ના પાડી તો સીધુ શરીર સંબંધ બાંધવાની માંગણી કરી લીધી!

રાજકોટ તા. ૨૩

સગીરાઓને લેભાગુ તત્વો પહેલા મિત્રતાની જાળમાં ફસાવી બાદમાં પ્રેમના ગાણા ગાઈને કે લગ્નની લાલચ આપી તેનું સર્વસ્વ લૂંટી લીધા બાદ બ્લેકમેઇલીંગ કરી આર્થિક શોષણ પણ કરતાં હોવાના અનેક કિસ્સા મોજુદ છે. અથવા તો શોષણ કર્યા બાદ લવ સેક્સ ધોખા મુજબ તેણીને તરછોડી દેતાં હોય છે. આવી જ વધુ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી હતી. જેમાં સત્તર વર્ષની સગીરા સાથે બે વર્ષ સુધી મિત્રતા-પ્રેમના નામે એક ઢગાએ ખેલ ખેલ્યો હતો અને દેહ પીંખ્યો હતો. પરંતુ છેલ્લે તમારી જ્ઞાતિ નીચી છે હવે લગ્ન નહિ થાય તેમ કહી દેતાં સગીરાએ પોલીસની મદદ લીધી હતી. બીજી એક ઘટનામાં એક યુવતિને રસ્તા પર રોકી બીભત્સ હરકતો કરી તેની પાસે શરીર સંબંધ બાંધવાની માંગણી કરી લેવાઇ હતી!

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં રહેતી સત્તર વર્ષીય સગીરાને યુવકે લગ્ન કરવાની લાલચ આપી બે વર્ષ સુધી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. વારંવાર તેને હોટલમાં લઈ જઈ તેની સાથે કુકર્મ આચર્યું હતું. ત્યાર બાદ સગીરાને તમે નીચી જાતિના છો હવે લગ્ન નહીં થાય એમ કહી દીધું હતું, જેથી આ બાબતે યુવતીએ વાડજ પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યું કે સગીરાને વર્ષ બે વર્ષ પહેલા વીરસિંહ ઉર્ફે રોહિત વાઘેલા સાથે મિત્રતા થઈ હતી. ત્યાર બાદ સગીરા સાથે વાતચીત કરી અને તેને પ્રેમજાળમાં ફસાવી હતી. સગીરાને ફોસલાવી અને ઈન્કમટેક્સ ખાતે આવેલી હોટલમાં લઈ ગયો હતો.

જ્યાં તેની સાથે હડપલા કર્યા હતા. ત્યાર બાદ વર્ષ ૨૦૨૫થી ૨૬માં અવારનવાર હોટલમાં લઈ જઈ અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. હવે તાજેતરમાં ફરીથી તેને હોટલમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ત્યાર બાદ કહ્યું હતું કે, તમે નીચી જાતિના છો લગ્ન થઈ શકશે નહીં. હવે આપણે નહીં મળીએ એમ કહી ફોન કરવાની ના પાડી હતી. ફરીથી સગીરાએ ફોન કરતા તમે નીચે જાતિના છો લગ્ન નહીં થાય એમ કહીને ફોન કરીશ તો જાનકી મારી નાખીશ એવી ધમકી આપી હતી, જેથી આ બાબતે તેણે વાડજ પોલીસ સ્ટેશનમાં



ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ લવ સેક્સ ઔર ધોખાને કારણે આ સગીરા આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી.

બીજી એક ઘટનામાં સરાજાહેર યુવતિની છેડતી થઇ હતી. અમદાવાદના એક વિસ્તારમાં નોમના દિવસે રાત્રે ગરબા રમીને વહેલી સવારે ઘરે પરત ફરી રહેલી યુવતી સાથે છેડતીની ઘટના સામે આવી છે. રસ્તામાં યુવકે યુવતીને મિત્રતા કરવા કહ્યું હતું. યુવતીએ ઇનકાર કરતાં યુવકે તેને પકડી બળજબરી કરવાનો -યાસ કર્યો હતો. તેમજ અશોભનીય રીતે સ્પર્શ કરી શારીરિક સંબંધ બાંધવાની માગણી કરી હતી. આ ઘટનાથી ગભરાઈ ગયેલી યુવતીએ બૂમાબૂમ કરતાં આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘરે પહોંચ્યા બાદ યુવતીએ માતા-પિતાને સમગ્ર હકીકત જણાવી હતી. જે બાદ શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. એક વિસ્તારમાં પરિવાર સાથે રહેતી યુવતી ઘર નજીક આયોજીત શેરી ગરબામાં નોમના દિવસે ગરબા રમવા માટે ગઈ હતી.

આખી રાત ગરબા રમ્યા બાદ વહેલી સવારે આશરે છ વાગ્યે તે ઘરે પરત ફરી રહી હતી. દરમિયાન ઘરની ગલીના નાકા પાસે નિમેષ નામનો યુવક ભો હતો. નિમેષે યુવતીને પોતાની સાથે મિત્રતા રાખવા કહ્યું હતું. જોકે, યુવતીએ તેની સાથે મિત્રતા રાખવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. યુવતીના ઇનકારથી યુવકે તેની સાથે અશોભનીય વર્તન શરૂ કર્યું હતું. આરોપીએ યુવતીના શરીરને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. એટલું જ નહીં, તેણે યુવતી સમક્ષ શારીરિક સંબંધ બાંધવાની માગણી પણ કરી હતી.યુવકની આ હરકતથી યુવતી ગભરાઈ ગઈ હતી અને તેણે બૂમાબૂમ કરી મૂકી હતી. અવાજ સાંભળીને નજીકમાં રહેતી એક મહિલા ત્યાં આવી પહોંચતાં આરોપી યુવક સ્થળ પરથી ભાગી ગયો હતો.

આ ઘટનાથી ડરી ગયેલી યુવતી ઘરે પહોંચી હતી. જોકે, તે એટલી ગભરાઈ ગઈ હતી કે શરૂઆતમાં તેણે પરિવારના કોઈ સભ્યને ઘટનાની જાણ કરી નહોતી અને તે સૂઈ ગઈ હતી. બપોરના સમયે માતાએ યુવતીને ગભરાયેલી હાલતમાં જોઈ પૂછપરછ કરતાં તેણે સમગ્ર ઘટના જણાવી હતી. ત્યારબાદ પરિવારજનો યુવતીને લઈને શાહપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આરોપી નિમેષ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા માટે વધુ તપાસ અને કાર્યવાહી હાથ ધરી હતી.

ઠેકઠેકાણે ચોરટાઓ બેફામ બન્યા છે...જાગતા રહેજોઃ પોલીસને પડકાર

બે બંધ મકાનમાંથી તસ્કરોને ૧૮ લાખનો લાભ

ત્રીજી ઘટનામાં કાર લઇને આવેલા બે ઉઠાવગીર છ બકરી ચોરી ગયાઃ પોલીસે બંનેને દબોચી લીધા

રાજકોટ તા. ૨૩

ચોરટાઓ જ્યાં મેળ પડે ત્યાંથી જે મળે તે ચોરી જતાં હોય છે. ચોરીના વધુ બે કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એક પરિવાર ગરબા રમવા ગયો અને પાછો આવ્યો ત્યા તેમના ઘરમાંથી આઠ લાખ નેવુ હજારની ચોરી થઇ હતી, તેમજ બીજા પરિવારના ફ્લેટમાંથી નવ લાખ એકવીસ હજાર ચોરાઇ ગયા હતાં. તો ત્રીજી ઘટનામાં ચોર છ બકરીઓ ચોરી ગયા હતા. જેમાં પોલીસે આ ચોરટાઓને પકડી પણ લીધા હતાં.

ચોરીની ઘટનાઓ રાજ્યભરમાં બની રહી છે. આ વચ્ચે વડોદરાના ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલા અખંડદીપ ટેનામેન્ટમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂ. ૮.૯૦ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પરિવાર ગરબા રમવા માટે બહાર ગયો હતો ત્યારે તસ્કરોએ મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. સવારે પાડોશીએ જાણ કરતાં પરિવારને ચોરીની ઘટના અંગે ખબર પડી હતી.

બીજી તરફ વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા હેલી એવન્યુના એક બંધ લેટને નિશાન બનાવી તસ્કરો લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના, રોકડ અને અમેરિકન ડોલરની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. લેટના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘૂસેલા તસ્કરોએ બેડરૂમમાં આવેલી તિજોરી અને લોકરમાંથી કિંમતી મત્તા ચોરી હતી. આ બનાવમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ. ૯.૨૧ લાખની મત્તા ઉપરાંત ૨,૫૦૦ અમેરિકન ડોલરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.

વધુ માહિતી અનુસાર વડોદરા અને ઈલોરાપાર્કના આત્મજ્યોતિ આશ્રમ રોડ પર આવેલા બી/૮, અખંડદીપ ટેનામેન્ટમાં રહેતા ૩૧ વર્ષીય દીપક રવજીભાઈ -જાપતિ આત્મજ્યોતિ આશ્રમ પાસે આવેલી પોતાની દીપક સ્ટોર નામની નોવેલ્ટીની દુકાન ચલાવે છે. રાત્રે આશરે સાડા દસ વાગ્યે દીપકભાઈ પત્ની અને બાળકો સાથે કલાલી ખાતે ગરબા રમવા ગયા હતા. તેમનો મોટો ભાઈ કાનજીભાઈ પણ ગરબા જોવા માટે બહાર ગયો હતો. પરિવારના સભ્યો મકાનને તાળું મારીને નીકળ્યા હતા. વહેલી સવારે પરિવાર ઘરે પરત ફર્યો હતો અને સૂઈ ગયો હતો. સવારે આશરે છ વાગ્યે પાડોશમાં રહેતાં માસ્તીબેન ધવલભાઈ પટેલે ફોન કરીને મકાનના દરવાજાનો નકુચો તૂટેલો હોવાનું જણાવ્યું હતું.

જેથી પરિવારજનોએ તપાસ કરતાં ઘરમાં સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. કબાટનું લોક



તૂટેલું હતું અને તેમાં રાખેલી પતરાની પેટીમાંથી રોકડા રૂ. બે લાખ, આશરે ૩૦ ગ્રામનાં બે સોનાનાં મંગળસૂત્ર, ૧૯ ગ્રામની સોનાની બાજુ બંધ, સોનાની ચાર વીંટી, બે જોડી સોનાની બુટ્ટી તથા આશરે ૭૫૦ ગ્રામ ચાંદીના દાગીના અને અન્ય ચીજવસ્તુઓ ગાયબ હતી.ચોરી થયેલા સોના-ચાંદીના દાગીના અને રોકડની કુલ કિંમત આશરે રૂ. ૮.૯૦ લાખ ની ચોરીની ફરિયાદ દીપક રવજીભાઈ પ્રજાપતિએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચોરીના બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

અન્ય બનાવમાં વડોદરાના ગોત્રીના અયપ્પા ટેમ્પલ પાસે આવેલા હેલી એવન્યુમાં રહેતાં ફાલ્ગુનીબેન મુકેશ વિશ્વાસરાવ ચવાન ઘરકામ કરે છે. તેમના જ લેટમાં બીજો લેટ નંબર ૨૦૪ આવેલો છે, જેમાં સોના-ચાંદીના દાગીના અને અન્ય કિંમતી સામાન રાખવામાં આવ્યો હતો. તેમના પતિ આફ્રિકાના કોંગોમાં નોકરી કરે છે અને વડોદરા આવ્યા બાદ અમદાવાદ ગયા હતા. ફાલ્ગુનીબેનબપોરે સવા બાર વાગ્યાના અરસામાં પુત્રનો ઝભ્ભો લેવા લેટ નંબર ૨૦૪માં ગયાં ત્યારે મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો અને દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો.

ઘરમાં તપાસ કરતાં સામાન વેરવિખેર પડ્યો હતો અને બેડરૂમમાં તિજોરીનો સામાન પણ અસ્તવ્યસ્ત હતો. તપાસ કરતાં સોનાનું મંગળસૂત્ર, ચેન, વીંટીઓ, લગડીઓ, પેન્ડલ, બુટ્ટીઓ, ચાંદીની લગડીઓ, વાસણો, મૂર્તિઓ, સિક્કા, રોકડ રૂ. ૧.૨૫ લાખ સહિતની મત્તા ગાયબ હોવાનું જણાયું હતું. આ ઉપરાંત ૨,૫૦૦ અમેરિકન ડોલર પણ ચોરાઈ ગયા હતા.

અન્ય ઘટનામાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના માસમા ગામે છ બકરીઓની ચોરીનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. પોલીસે નડિયાદના બે શખ્સોને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રોકડા ૪૫ હજાર રૂપિયા અને હોન્ડા જાઝ કાર સહિત કુલ ૨.૪૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જમ કરાયો હતો. રાત્રે માસમા ગામના ખુલ્લા વાડામાંથી ૬૦ હજાર રૂપિયાની છ સફેદ બકરીઓની ચોરી થઈ હતી. પોલીસે સીસીટીવી અને બાતમીદારોની મદદથી તપાસ કરી. ગુનામાં વપરાયેલી હોન્ડા જાઝ કાર રાજનગર-ભટગામ રોડ પરથી પસાર થવાની માહિતી મળતા વોચ ગોઠવી બંને શખ્સોને પકડ્યા. પૂછપરછમાં તેમણે બકરીઓની ચોરી કરી કારમાં ભરી લઈ ગયાની કબૂલાત કરી.

આ બનાવમાં આરોપીઓએ બકરીઓ પશુ મંડીમાં પચાસ હજાર રૂપિયામાં વેચી દીધી હતી. ઝડપાયેલા આરોપીઓ નડિયાદના રાહુલ હરીશભાઈ પરમાર અને કિરીટ જયંતીભાઈ તળપદા છે. પોલીસે બંને સામે કાર્યવાહી કરી વધુ તપાસ શરૂ કરી હતી.

પાડોશમાં રહેતાં બીનાબેન દવેએ ૧૫ ઓક્ટોબરની વહેલી સવારે સાત વાગ્યે તેમના ઘરના દરવાજાની સ્ટોપર બહારથી બંધ હોવાનું અને લેટ નંબર ૨૦૪નો દરવાજો ખુલ્લો હોવાનું જોયું હતું. આથી ચોરી ૧૫ ઓક્ટોબરના સવારે સાત વાગ્યા પહેલાં થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આગના કાળા ડિંબાંગ ગોટા આકાશમાં છવાતા મચી અફરાતફરી, લોકોનાં ટોળાં એકત્રિત

હેમુ ગઢવી હોલ પાછળ ખાવ ગલીમાં આગ

સબ-સ્ટેશન-JCB ખાક , બે શ્રમિકો ગંભીર : ફાયર બ્રિગેડની જબરી જહેમત બાદ આગ પર કાબૂ; જો સમયસર ટીમ ન પહોંચી હોત તો મોટો વિસ્ફોટ સર્જાવાની હતી દહેશત







રાજકોટ, તા. ૨૩

શહેરના હાર્દસમા વિસ્તાર ગણાતા અને હંમેશાં ધમધમતા એવા હેમુ ગઢવી હોલની પાછળ આવેલી ખાવ ગલી ખાતે આજે બપોરે એક ગોઝારી ઘટના સામે આવી છે. અહીં અચાનક ગેસની લાઇનમા ભીષણ આગ ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તેની ઝપેટમાં નજીકમાં આવેલું સબ-સ્ટેશન અને ત્યાં કામ કરી રહેલું એક ઉંઈઇ મશીન પણ સંપૂર્ણપણે આવી ગયા હતા. અકસ્માતના આ બનાવમાં બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી જતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની વિગતો મુજબ, બપોરના સુમારે હેમુ ગઢવી હોલ પાછળ ખાવ ગલી વિસ્તારમાં અચાનક ગેસની પાઈપલાઈનમાં લીકેજ કે અન્ય કોઈ કારણસર આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે એટલું ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું કે આકાશમાં કાળા ડિંબાંગ ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી નજરે પડ્યા હતા. આ ભયાનક દ્રશ્યો જોઈને આસપાસના રહીશો અને રાહદારીઓના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. આગની જ્વાળાઓ એટલી તીવ્ર હતી કે તેની નજીકમાં આવેલું સબ-સ્ટેશન અને ઉંઈઇ મશીન પણ આગની લપેટમાં બળીને ખાક થવા લાગ્યા હતા.

અચાનક ફાટી નીકળેલી આ આગના લીધે ખાવ ગલી અને આસપાસના માર્ગો પર ભારે નાસભાગ મચી ગઈ હતી અને જીવ બચાવવા લોકો દોડાદોડ કરતા નજરે પડ્યા હતા. થોડી જ વારમાં ઘટનાસ્થળે લોકોનાં વિશાળ ટોળાં એકત્રિત થઈ ગયા હતા, જેના કારણે ટ્રાફિકજામ અને અફરાતફરીનું વાતાવરણ સર્જાયું હતું.

આ ગંભીર દુર્ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સ વીજળીક ઝડપે ઘટનાસ્થળે દોડી આવી હતી. આગની આ દુર્ઘટનામાં બે વ્યક્તિઓ ગંભીર રીતે દાઝી ગયા હોવાનું સામે આવતા ૧૦૮ ની ટીમે તાત્કાલિક બંને ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપીને હોસ્પિટલ ૧ઈ'ક્ષ કર્યા હતા, જ્યાં હાલ તેમની તબીબી સારવાર ચાલી રહી છે.

બીજી બાજુ, ફાયર જવાનોએ તાત્કાલિક મોરચો સંભાળીને પાણીનો ભારે મારો ચલાવ્યો હતો. સતત પાણીના પ્રવાહ અને જબરી જહેમત બાદ ફાયર ટીમે આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, જો ફાયર વિભાગની ટીમ થોડી પણ મોડી પહોંચી હોત તો ગેસ લાઇનને લીધે આખો વિસ્તાર સળગી ઉઠત અને કોઈ મોટી જાનહાનિ પણ થઈ શકતી હતી, પરંતુ ફાયર જવાનોની સમયસૂચકતા અને બહાદુરીના કારણે મોટો અનર્થ ટળી ગયો હતો. હાલ તંત્ર દ્વારા ગેસ લાઇન અકસ્માતના આ ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગેસની લાઇન ડેમેજ થવા-સ્પાર્કિંગના લીધે આગ લાગી : અમિત દવે

રાજકોટ શહેરમાં વિકાસ કામો દરમિયાન તંત્રની લાપરવાહી અથવા અકસ્માતે સર્જાતી બેદરકારીના કારણે ગંભીર ઘટનાઓ બનતી હોય છે. શહેરના જાણીતા હેમુ ગઢવી હોલ પાછળ ચાલી રહેલી ડી.આઈ. પાઇપલાઇનની કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં પાઇપલાઇનના કામકાજ વેળાએ જેસીબીનું સબળું અચાનક ગેસની લાઈનને અડકી જતાં ગેસ લીકેજ થવાની ઘટના બની હતી. આ ગેસ લીકેજ થયા બાદ થયેલા સ્પાર્કિંગના કારણે અચાનક વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી, જેને લઇને આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આ ગંભીર અકસ્માત અંગે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડ શાખાના ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત કેદવેએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ફાયર કંટ્રોલ રૂમમાં ફોન આવતા જ તુરંત જ બે ફાયર ફાઇટર અને રેસ્ક્યુ ટીમને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર જવાનોએ ત્વરિત કામગીરી હાથ ધરીને માત્ર ૧૫ થી ૨૦ મિનિટના ટૂંકા સમયમાં આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. આ દુર્ઘટનામાં રેકડીવાળા કે આસપાસના બે વ્યક્તિઓ દાઝી ગયા હોવાનું સામે આવ્યું છે, જેને લઇને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ગેસની લાઇન ડેમેજ થવા અને સ્પાર્કિંગના લીધે આગ લાગી હોવાનું બહાર આવ્યું છે. આ સમગ્ર મામલે આગળની જરૂરી કાર્યવાહી હવે ઉચ્ચ અધિકારીઓના આદેશાનુસાર હાથ ધરવામાં આવશે.

ભાજપનું મંગળવારે શક્તિ પ્રદર્શન

બહુમાળી ભવન ચોકથી ભવ્ય યાત્રા યોજાશે : વિપક્ષોના આંદોલનો સામે કેસરિયા પક્ષની વળતી રણનીતિ: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને દિગ્ગજ નેતાઓ રહેશે ઉપસ્થિત

રાજકોટ, તા. ૨૩

દેશભરમાં વિપક્ષો દ્વારા આપવામાં આવી રહેલા વિરોધ આંદોલનો, કૂચ અને વિભિન્ન કાર્યક્રમો સામે શાસક પક્ષ ભાજપે આક્રમક વળતી રણનીતિ અપનાવી છે. વિપક્ષોની ગતિવિધિઓનો જડબાતોડ જવાબ આપવા માટે ભાજપે આગામી સમાહથી ''લોકતંત્ર બચાવો, ભીડ તંત્ર હટાવો'' અભિયાન અંતર્ગત રાજ્યવ્યાપી યાત્રા, સંવાદ અને બેઠકોનો દોર શરૂ કરવાનો નિર્ધાર કર્યો છે. આ વ્યુહરચનાના ભાગરૂપે આગામી મંગળવારે સાંજે પાંચ વાગ્યે રંગીલા રાજકોટમાં એક વિશાળ યાત્રા યોજાનાર છે, જેને લઈને રાજકીય ગરમાવો આવી ગયો છે.



આગામી મંગળવારે યોજાનારી આ ભવ્ય યાત્રા રાજકોટના મુખ્ય માર્ગો પરથી પસાર થશે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાંજે ૫:૦૦ વાગ્યે બહુમાળી ભવન ખાતે આવેલી લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી આ યાત્રાનો પ્રારંભ કરવામાં આવશે. ત્યારબાદ આ યાત્રા માલવીયા ચોક, ત્રિકોણબાગ જેવા ધમધમતા વિસ્તારોમાંથી પસાર થઈને વિવેકાનંદ પ્રતિમા ખાતે પહોંચીને સંપન્ન થશે.

આ મહા-યાત્રાને સફળ બનાવવા અને પક્ષની તાકાતનું પ્રદર્શન કરવા માટે ભાજપે ઉચ્ચસ્તરીય તૈયારીઓ આદરી છે. આ યાત્રામાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહીને કાર્યકર્તાઓમાં જોશ ભરશે. તેમની સાથે કેબિનેટ મંત્રી જીતુભાઇ વાઘાણી, પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવે તેમજ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે વિશેષ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત રાજકોટ શહેર અને જિલ્લાના તમામ સાંસદો, ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો અને હજારોની સંખ્યામાં કેસરિયા કાર્યકર્તાઓ આ કૂચમાં જોડાશે, જેના કારણે આખો માર્ગ કેસરિયા રંગમાં રંગાઈ જશે તેવી પૂરી સંભાવના છે.

માત્ર રાજકોટ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં આ પ્રકારે જનજાગૃતિ અને વિરોધ-પ્રતિરોધના કાર્યક્રમોનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે. રાજ્યવ્યાપી આયોજનોને આખરી ઓપ આપવા માટે આવતીકાલે પ્રદેશ કાર્યાલય ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ બેઠકમાં આગામી દિવસોમાં યોજાનારી બેઠકો, યાત્રાઓ અને સંવાદ કાર્યક્રમોની વિસ્તૃત બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવશે, જેથી વિપક્ષોના આક્રમક વલણ સામે શાસક પક્ષ વધુ મજબૂતાઈથી જનતા વચ્ચે પોતાની વાત મૂકી શકે.

ડિજિટલ ગુજરાત ૨.૦નો ઐતિહાસિક નિર્ણય

કચેરીઓના ચક્કરમાંથી અરજદારો મુક્ત

ઈ-પ્રમાણપત્રો અને દાખલાઓ પર આપોઆપ છપાશે 'અધિકૃત સિક્કો' મામલતદાર કે તાલુકા પંચાયતે જવાની ઝંઝટમાંથી નાગરિકોને મોટી રાહત

રાજકોટ, તા. ૨૩

ડિજિટલ ક્રાંતિ અને પારદર્શક વહીવટની દિશામાં આગળ વધતાં ગુજરાત સરકારે પ્રજાલક્ષી અને સુશાસનને વેગ આપતો એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લીધો છે. રાજ્યમાં ઓનલાઈન સરકારી સેવાઓ ઉપલબ્ધ હોવા છતાં, સરકારી પ્રમાણપત્રો મેળવ્યા બાદ પણ અધિકારીના સિક્કા (સીલ) માટે સરકારી કચેરીઓના ચક્કર કાપવા પડતા હોવાની વર્ષો જૂની અને હાલાકીભરી સમસ્યાનો હવે કાયમી સુખદ અંત આવી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 'ડિજિટલ ગુજરાત ૨.૦' અંતર્ગત તમામ ઈ-પ્રમાણપત્રો અને સરકારી દાખલાઓ પર સક્ષમ અધિકારીની કચેરીનો અધિકૃત ગોળ સિક્ક ડિજિટલ સ્વરૂપે અંકિત કરીને જ આપવાનો ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. આ ક્રાંતિકારી પહેલથી સમગ્ર રાજ્યમાં 'ઈઝ ઓફ લિવિંગ' અને 'ગુડ ગવર્નન્સ'ના સંકલ્પને એક નવું બળ અને નવી ઊંચાઈ મળશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા અધિકૃત પરિપત્ર અનુસાર, અત્યાર સુધી રાજ્યના લાખો નાગરિકો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ઓનલાઈન આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો, નોન-ક્રીમિલેયર કે અન્ય વિવિધ સરકારી દસ્તાવેજો ડાઉનલોડ તો કરી લેતા હતા, પરંતુ તેના પર સત્તાવાર ગોળ સિક્કો અંકિત ન હોવાને કારણે અનેક વ્યવહારુ મુશ્કેલીઓ ઊભી થતી હતી. શૈક્ષણિક પ્રવેશ પ્રક્રિયા, વિવિધ સરકારી ભરતીઓ કે કલ્યાણકારી યોજનાઓના લાભ મેળવતી વખતે આ દસ્તાવેજોને માન્ય રાખવા બાબતે સંસ્થાઓ અને વિભાગોમાં અડચણો ઊભી થતી હતી. પરિણામે, અરજદારો અને વિદ્યાર્થીઓએ ડિજિટલ માધ્યમથી પ્રમાણપત્ર મેળવી લીધા



હોવા છતાં, માત્ર એક રૂબરૂ સિક્કો કરાવવા માટે મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કે જનસેવા કેન્દ્રો સુધી લાંબા થવું પડતું હતું. આ સમગ્ર કવાયતમાં નાગરિકોના કિંમતી સમય, મુસાફરીના નાણાં અને શ્રમનો ભારે વ્યય થતો હતો. હવે આ પ્રક્રિયાને આત્યંતિક સરળ અને ભૂલરહિત બનાવવા માટે સામાન્ય વહીવટ વિભાગે સંકલન સાધીને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર એવી અદ્યતન ટેકનોલોજીકલ વ્યવસ્થા ગોઠવી છે, જેનાથી સક્ષમ અધિકારી દ્વારા કોઈપણ અરજી કે પ્રમાણપત્ર મંજૂર કરવામાં આવશે કે તરત જ તેમની કચેરીની સંપૂર્ણ વિગતો સાથેનો અધિકૃત ગોળ સિક્કો ડિજિટલ સ્વરૂપે દસ્તાવેજ પર આપોઆપ આવી જશે. 'ડિજિટલ-બાય-ડિફોલ્ટ' અભિગમ હેઠળ અમલમાં મૂકવામાં આવી રહેલી આ નવતર સિસ્ટમથી સમગ્ર વહીવટી પ્રક્રિયા શરૂઆતથી અંત સુધી સંપૂર્ણપણે પેપરલેસ, ઝડપી અને પૂરેપૂરી વિશ્વસનીય બનશે. નાગરિકોને હવે સિક્કો મરાવવા માટે કોઈ જ કચેરીએ જવાની જરૂર રહેશે નહીં અને ઘેરબેઠાં જ સંપૂર્ણપણે માન્ય અને અધિકૃત પ્રમાણપત્ર ઉપલબ્ધ થઈ જશે, જે રાજ્યના ડિજિટલ ઇન્ડિયા મિશનમાં એક નવો માઇલસ્ટોન સાબિત થશે.

નવેમ્બરના પ્રથમ સપ્તાહથી ઇક્ય, તલાટી અને મામલતદાર સહિતનો આખો મહેસૂલી સ્ટાફ મોરચે

દિવાળી વેકેશન પર ચૂંટણીનું ગ્રહણ

૧૦ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણીને પગલે શિક્ષકો અને સરકારી કર્મચારીઓની તહેવારની રજાઓ પર પાણી ફરી વળશે

રાજકોટ, તા. ૨૩

રાજ્યભરમાં હાલ ધોરણ ૯ થી ૧૨ની સત્રાંત પરીક્ષાઓનો ધમધમાટ ચાલી રહ્યો છે, જે પૂર્ણ થયા બાદ આગામી ૫મી નવેમ્બરથી શાળાઓમાં ૨૧ દિવસનું પરંપરાગત દિવાળી વેકેશન શરૂ થવાનું હતું. આ વેકેશન દરમિયાન શિક્ષકો તથા અન્ય સરકારી કર્મચારીઓએ પરિવાર સાથે બહારગામ ફરવા જવાના કે તહેવારોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવાના આગોતરા આયોજનો ઘડી રાખ્યા હતા. પરંતુ, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અચાનક ડિસેમ્બર મહિનામાં યોજાનારી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ માટેનો ધમધમાટ શરૂ કરી દેવાતાં કર્મચારીઓની તમામ ગણતરીઓ ઊંધી વળી ગઈ છે. મતદાર યાદી સુધારણા અને ચૂંટણી સંબંધિત અન્ય સઘન કામગીરીને પગલે રાજ્યના હજારો શિક્ષકો અને સરકારી કર્મચારીઓનું દિવાળી વેકેશન બગડે તેવી પૂરેપૂરી શક્યતાઓ ઊભી થઈ છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી કડક સૂચનાઓ અનુસાર, આગામી ૨જી નવેમ્બરથી જ બૂથ લેવલ ઓફિસર્સ તરીકે ફરજ બજાવતા શિક્ષકો અને સ્ટાફને પોતાના બૂથ પર સક્રિય રહીને કામગીરી પૂર્ણ કરવાની તાકીદ કરવામાં આવી છે. આથી વેકેશન શરૂ થાય તે પહેલાં જ કર્મચારીઓ ચૂંટણી કાર્યમાં જોતરાઈ જશે. ચૂંટણીની આ વ્યાપક કામગીરી માત્ર શિક્ષકો કે ઇક્ય પૂરતી મર્યાદિત નથી રહેવાની, પરંતુ સ્થાનિક પંચાયત અને મહેસૂલ વિભાગના તળિયાના કર્મચારીઓથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી તેની અસર જોવા મળશે. નવેમ્બરના પ્રથમ કે બીજા સપ્તાહથી તલાટી-કમ-મંત્રીઓ, નાયબ મામલતદારો તેમજ મામલતદારો



સહિતના સમગ્ર મહેસૂલી સ્ટાફને ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રક્રિયામાં સંપૂર્ણપણે રોકી દેવામાં આવશે. જેને કારણે કર્મચારીઓ માટે તહેવારના દિવસોમાં પણ ફરજ પર તૈનાત રહેવું અનિવાર્ય બની જશે.

રાજ્યની આશરે ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતો માટે ડિસેમ્બર ૨૦૨૬માં યોજાનારી આ ચૂંટણી રાજકીય દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૭માં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે, ત્યારે આ ગ્રામ પંચાયતોની ચૂંટણીને તમામ રાજકીય પક્ષો માટે એક શક્તિ પ્રદર્શન અને 'લિટમસ ટેસ્ટ' તરીકે જોવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતની ચૂંટણીઓ સામાન્ય રીતે રાજકીય પક્ષોના સત્તાવાર પ્રતીક કે ચિહ્ન વગર લડાતી હોય છે, જેના કારણે અહીં પક્ષીય વફાદારી કરતાં ઉમેદવારની ભૌગોલિક અને વૈયક્તિક લોકપ્રિયતા, સ્થાનિક સામાજિક સમીકરણો તેમજ સંગઠનાત્મક પકડ નિર્ણાયક સાબિત થતી હોય છે.

વિધાનસભાની જંગ પહેલાં ગ્રામીણ મતદારોનો મિજાજ, અસંતોષ અને સ્થાનિક મુદ્દાઓની દિશા કઈ તરફ છે તેનો સ્પષ્ટ સંકેત આ ચૂંટણી પરિણામો પરથી મળશે. ગ્રામ પંચાયત એ લોકશાહીનું પાયાનું એકમ હોવાથી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર યાદી આખરી કરવાથી લઈને મતદાન મથકોની વ્યવસ્થા ગોઠવવા સુધીની કવાયત તેજ કરી દીધી છે. પરંતુ આ સરકારી અને રાજકીય કવાયત વચ્ચે દિવાળીના તહેવારોમાં દિવસ-રાત જોયા વગર ફરજ બજાવવા મજબૂર બનનારા શિક્ષકો, તલાટીઓ અને મહેસૂલી કર્મચારીઓમાં વેકેશન છીનવાઈ જવાને કારણે ભારે ગણગણાટ અને નારાજગી પણ જોવા મળી રહી છે.